ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના પાવન ચરણે

# અંજલિ



## - મા સર્વેશ્વરી

**NOTICE**


**સર્વ હક્ક લેખકને સ્વાધીન**

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *


E-Book

| | |
|---|---|
| Title | : Anjali |
| Language | : Gujarati |
| Version | : 3.0 |
| Pages | : 117 |
| Created | : January 19th 2023. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Maa Sarveshwari's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## આમુખ

સર્જક જ્યારે પોતે પોતાના મધુર કંઠ દ્વારા પોતાની રચનાઓ જાહેરમાં આકર્ષક રીતે ગાતો હોય ત્યારે તેને બેવડો લાભ આપોઆપ મળી જતો હોય છે. તેની તમામ રચનાઓ લોકજીભે સત્વરે ચઢી જાય છે, ને તેથી તેને પ્રતિષ્ઠા ને પૈસૌ બંને પ્રાપ્ત થઈ જાય છે. પ્રથમ સંગ્રહ 'અર્ધ્ય'ની નકલો એક જ વર્ષમાં ખપી જવા પામી હતી તે તેની પ્રતીતિ છે. આશા રાખીએ કે અંજલિ સંગ્રહને પણ તેવો જ અનુભવ થાય. જો કે ભજનોના માધ્યમ દ્વારા જ મા સર્વેશ્વરી લોકહૃદયમાં પ્રતિષ્ઠિત થયાં છે.

મારી દૃષ્ટિએ તેઓ સહુ પ્રથમ પ્રભુના ભક્ત છે અને પછી છે ભજનોનાં સર્જક. તેમના જીવનમાં કવિતા-લેખન સહજ પ્રવૃતિ તરીકે આવકાર્ય બન્યું છે. ભક્તને જ્યારે જ્યારે ભગવત્કૃપાનો ઘૂંટડો પીવાનો લ્હાવો અચાનક મળે છે ત્યારે ત્યારે તેનું હૃદય આનંદથી નાચી ઊઠે છે. તે ભીનું ભીનું બની જાય છે. તેના હર્ષાશ્રુઓનાં બિંદુઓમાં ભગવત્કૃપાના તેજની ચમક વિલસે છે. તે ગાયા વિના રહી શકે નહિ, તેને નાચ્યા વિના ચાલી શકે નહિ. મા સર્વેશ્વરીનાં ભજનો એ રીતે જ ઉદભવ પામ્યાં છે. અહીં નથી રીતિની વિચિત્રતા, નથી ચમત્કૃતિજન્ય અભિવ્યક્તિ, નથી શબ્દોની ઝડઝમક, નથી અલંકારોનું પ્રભુત્વ. અહીં તો સાહજીકતા છે. જે ગાવું ગમ્યું તે ગાયું ! શબ્દો સ્વતઃ આવીને ગોઠવાયા છે. માત્રાની કોઈ ગણત્રી નહીં, લયનું કોઈ બંધન નહીં, જે વ્યક્ત થવા માંગતું હતું તે થઈ ગયું ! ભક્ત પાસે ભાષા ન હોય છતાં ભાષાનું પૂર ઉમટવા માંડે છે. પરમાનંદની તેની અનુભૂતિ કોઈ સ્થૂળ ચોકઠામાં સમાઈ શકતી નથી. અનુભૂતિને કારણે જન્મેલો અપૂર્વ આનંદ શબ્દો દ્વારા સ્થૂળ સ્વરૂપને પામીને જ જંપે છે.

તેથી સહજ રીતે લખાતી પંક્તિઓમાં અલંકાર સમરસ થઈને સાહજિકતા ધારણ કરે છે. તે સર્જકની એક સિદ્ધિ જ ગણાય.

**'પ્રતિકૂળતાના પવનો ચાલે, વિપત્તિના વરસાદ.'**

**'જનમ-જનમ કૈં કાટને કર્યા પારસ-સ્પર્શે સાફ રે.'**

**'ચૂડી પહેરી બની ગઈ છું દિવાની રે.'**

**'થાક્યે કે હૈયું હાર્યે ધીરજધન ધરી દેતો રે લોલ.'**

**'પ્રેમની પાવન પગદંડી પર પ્રેમે કરું છું પ્રયાણ.'**

ગેય રચનાનું સ્વરૂપ એમ તો સાવ કોમળ ગણાય ! તે આધ્યાત્મિક અનુભૂતિઓની ગુરુતાને ભાગ્યે જ ઝીલી શકે, એવું ઉપર ઉપરથી વિચાર કરનારને લાગે પણ ખરું. બહુ ઓછા શબ્દોમાં સરળ શૈલીથી સચોટ કહી દેવાની હથોટી ગેય રચના માટે અનિવાર્ય ગણાય. તેથી જ આધુનિક ગીતકવિઓ તત્ત્વજ્ઞાનના ભારેખમ વિષયો ખાસ કરીને પસંદ કરતા જણાતા નથી. વૈજ્ઞાનિક દૃષ્ટિને

બહાને સર્જકો ને ભાવિકો ઉર્મિશીલતાથી દૂર જ રહેતા જણાય છે. આ દૃષ્ટિએ 'અંજલિ' સંગ્રહ વિશિષ્ટતાની છાપ ઉપસાવતો જણાય છે. પ્રત્યેક પદમાં કે ભજનમાં ગુરુતત્ત્વનો પ્રભાવ સર્જનાત્મક રીતે પડતો જણાય છે. વિષય તરીકે ગુરુતત્ત્વ ગંભીર ને નીરસ ગણાય; છતાં પ્રત્યેક પદ કે ભજન વારંવાર ગાવું ગમે છે, સાંભળવું ગમે છે અને વાંચવું પણ ગમે છે. કારણ સ્પષ્ટ છે-મીરાંબાઈનાં જેવી ઉત્કટપણે કરાતી અનન્ય પ્રેમભક્તિની ઉત્કૃષ્ટ અભિવ્યક્તિ. ક્યાંય પણ દુરાકૃષ્ટતા નહીં, જ્યાં જુઓ ત્યાં પ્રસાદિકતા જ. સરળતા, સરસતા અને સચોટતા એ મા સર્વેશ્વરીની કાવ્યશૈલીનાં પ્રધાન લક્ષણો છે.

ગરબાના ઢાળમાં ગુરુતત્ત્વનો મહિમા ગાનાર આ ભક્તકવિ ગુરુને સંત સ્વરૂપે હોવા અનિવાર્ય માને છે, સંન્યાસી કે ત્યાગી હોવા અનિવાર્ય માનતાં નથી. તેથી તેમનું દિલ પોકારી ઊઠે છે-

**'સાચા સંતની સંગત સેવીએ રે,**
**સંતની સંગતે મળશે શ્યામ.'**

સંતની સંગત અતૂટ શ્રદ્ધા વિના સેવી શકાય નહીં. આધ્યાત્મિક લાભ પ્રાપ્ત કરવો હોય તો તેણે પોતાનું આગવું ભાવજગત રચવું પડે. તો જ તે માની શકે-

**'સંતસ્વરૂપે રે પ્રભુ પોતે આવિયા રે લોલ.'**

શ્રદ્ધા જેમ જેમ લોખંડી બનતી જાય તેમ તેમ સર્વસમર્પણ ભાવ પ્રગટતો જાય અને તેને માટે ત્યાગ સહજ બની જાય.

**'મેં પવિત્ર કરવા કાયા, સ્વજનોની છોડી માયા**
**વડલાની શોધી છાયા રે શ્રી ગુરુદેવા ! .. કૃપાની વર્ષા કરજો રે.'**

સંતયોગીઓ કાયાશોધનમાં માનતા હતા તેમ મા સર્વેશ્વરી પણ અહીં તેવી જ વાત રજુ કરે છે. કાયાની શુદ્ધિ અથવા ભૂતશુદ્ધિ પાયામાં અનિવાર્ય છે અને તો જ આધ્યાત્મિક ક્ષેત્રનાં સીધાં ચઢાણો ચઢી શકાય છે. અનેક દોષોથી ભરેલું આ શરીર તપશ્ચર્યાના અગ્નિથી નવો જ આકાર પામે છે. પાર્થિવ એષણાઓ ઉપરામ પામતી જાય તેમ તેમ પ્રભુપરાયણ હૃદય સંવેગની તીવ્રતાનો સહેજે અનુભવ કરતું થાય. વડલાની છાયાના રૂપકમાં ગુરુતત્ત્વનો મહિમા પણ તેવું જ હૃદય ગાઈ શકે,

**'બંધુ ને બેનડી આડે ના આવ્યા, સ્વજનોએ સાથ ધર્યો જીવન મહીં,**
**પિતા પડખે ઊભા પ્રેરણા દેતાં, માતાએ આશિષ મૂક ધરી.'**

સર્વસમર્પણ ભાવની પરાકાષ્ટાએ ત્યાગ સહજ બને છે. ત્યારે સ્વજનોનું મૂલ્યાંકન કરવામાં મા સર્વેશ્વરીની દૃષ્ટિ ઉદાર અને ઉપકારી લાગે છે. આધ્યાત્મિક પ્રવૃત્તિઓ દ્વારા તેમનો પોતાનો શુદ્ધિયજ્ઞ ચાલુ જ રહે છે. તેવી સાવધાની ને સભાનતા તેમની આત્મનિરિક્ષણની પદ્ધતિમાં રહેલી જણાઈ આવે છે.

**'સકળ વિશ્વના રક્ષણહારા! મારી સમીપે વસજે રે.**
**પગલા ભરું હું આડાં જરી તો, મીઠી ટકોર મને કરજે રે.'**

પોતાનો ત્યાગ ફળતો જણાય છે. સાધનાની સિદ્ધિ થતી જણાય છે ત્યારે તેમનું હૃદય અપાર આનંદનો અનુભવ કરે છે. સહજ રીતે તેઓ ગાઈ ઊઠે છે-ફૂલની રૂપ કથામાં :

**'ક્યાં હતું ક્યાં ચઢી ચૂક્યું !**
**એવી સંતકૃપા અપાર રે...**
**કરમાતાં પહેલાં ધન્ય બન્યાં,**
**સર્વેશ્વરી ગુરૂ-પ્રતાપ રે...ફૂલડું ધન્ય બન્યું.'**

આ રીતે તેમનાં ભજનો આત્મકલ્યાણની તેમની યાત્રાનું સુભગ પરિણામ છે. તેથી જ સહૃદય ભાવકને અંતઃસ્તલના અતલ ઊંડાણોમાં અનુભવાતી સંવિત્તિની લીલાનું જયગાન મા સર્વેશ્વરીના ભજનોમાં અચૂક સંભળાય છે. આવું જયગાન જ્યારે જ્યારે ભાવકના હૃદયની ચેતનાને હચમચાવી મૂકે છે ત્યારે ત્યારે કવિતાતત્ત્વની સિદ્ધિનો સીધો અનુભવ થાય છે.

તેમની ગેય રચનાઓ બીજી રીતે પણ સમજવી જોઈએ. સિનેમાં જગતમાં સંગીતશાસ્ત્રીઓ પ્રથમ તો તરજ બાંધે છે. ત્યાર પછી ગીત-લેખકને બોલાવી તે સંભળાવવામાં આવે છે. ગીતલેખક કુશળ હોય તો ભાવને અનુરૂપ શબ્દાવલી ગોઠવી આપે છે, ને ગાયન સફળતાપૂર્વક લોકહૃદયમાં સ્થાન પામી શકે છે. જો ભાવને અનુરૂપ શબ્દો ન હોય તો ગાયન મરી જતું અનુભવાય છે. સિનેમાની ભાષામાં ગાયન જામતું નથી. મા સર્વેશ્વરીના ભવજગતમાં પણ વિવિધ રાગ ઢાળોનાં લય- આવર્તનો ગૂંજતા રહે છે. જે આવર્તન હૃદયનો કબજો લઈ લે છે તે શબ્દદેહ પામે છે. લયને અનુરૂપ શબ્દો ગોઠવાતા આવે છે, આપણ ને એક સુંદર ભજન મળે છે. ભજનોની આવી ઉદગમ પદ્ધતિ હોવાને કારણે ક્યાંય માત્રા વધી જાય છે તો ક્યાંક ઘટી પણ જાય છે, ને ત્યાં જીભને થડકાટ અનુભવવો પણ પડે છે. પુનરુક્તિઓ ચાલુ રહે છે. પણ તે સહ્ય છે. સ્થૂળ નિયમોનાં ઉલ્લંઘનો સ્વાભાવિક બની અનુભવીએ છીએ. તેથી થોડો ભાવ બદલીને કહેવાનું મન થાય છે કે તેમનું ભજન જાણે જાહેર વિનંતી કરતું હોય તેમ કહે છે-

**'મારી ચિંતા કોઈ કરશો નહીં. '**

શા માટે સ્થૂળ નિયમોની અપેક્ષા રાખો છો ? શા માટે સ્થૂળતાની વાડ ઓળંગતા નથી ? શા માટે સૂક્ષ્મમાં વિચરતા નથી ? શા માટે અંતરના ઊંડાણમાં ડૂબકી મારતા નથી ? આત્મારામ સહુની રાહ જૂએ છે. તેમની ચિંતા કરોને !

**- પરમાર્થી**

* * *

## પરિચય

પૂજ્ય સર્વેશ્વરી માનો 'અંજલિ' ભજનસંગ્રહ બીજાં ભજનોની રચના કરતાં જુદી ભાત પાડે છે. એ કોઈ સામાન્ય ભજનો નથી, પરંતુ એક ઉત્કૃષ્ટ આત્મસાધકની આત્મનિવેદન ભક્તિના અભિષેકની ભાવાંજલિઓ છે એની પ્રતીતિ એ પદો વાંચતા સહજ રીતે થાય છે.

આ ભજનો ને પદોની રચના પાછળ એમનો કોઈ સાહિત્યસર્જનની કૃતિનો હેતુ નથી. એમની એવી અપેક્ષા પણ નથી. એમનું જે ઉત્કૃષ્ટ આત્મિક સાધનાનું જીવન છે એ જીવન જીવતાં જીવતાં અંતરના અંતરતમમાંથી જે ભાવો ઉદભવ્યા તે જાણે કે મધુરતમ પદાવલીનું રૂપ ધરીને ગોઠવાઈ ગયા છે. એટલે આ પદોનું પ્રધાન અંગ ગેયતા અને ભાવ છે. વળી, પૂ. સર્વેશ્વરી મા ને પ્રભુએ મધુર સૂરીલો કંઠ આપ્યો છે, એટલે હૃદયમાં ઊઠતા ભાવોનું ગુંજન મનમાં થતાં થતાં શબ્દો સહજ રીતે કેવા ગોઠવાઈ જાય છે તેનું દર્શન આપણને અન્યત્ર થાય છે તેમ 'શણગાર' પદની નીચેની પંક્તિઓમાં પણ થાય છે.

**'શ્રદ્ધા કેરૂં કુમકુમ સોહે, ને સ્નેહતણું સિન્દુર,**
**પાવિત્ર્યનું પાનેતર પહેર્યું, પ્રાણમાં પ્રેમનું પૂર....'**

એવી જ રીતે 'હરિ તમે' પદમાં પણ :

**'હરિ! તમે હળવો કરો મારો ભાર.**
**અવનવી અગણિત આવે ઉપાધિ, કરી દો મુજને પાર....**
**તપ્ત થયેલી ધરા પુકારે, વરસો વર્ષાની ધાર.'**

આ પદો એમના સ્વમુખે ગાતા સાંભળીએ છીએ ત્યારે એમનો મધુર સૂરીલો કંઠ આપણા હૃદયને ઝંકૃત કરી નાખે છે. એનું કારણ એ છે કે માનવહૃદયના ભાવોમાંથી જે જન્મે છે તે જ હંમેશા બીજાઓનાં હૃદયોને સ્પર્શવાની ક્ષમતા ધરાવે છે.

તેઓ પ.પૂ. યોગેશ્વરજીને પોતાના ગુરુ માને છે. પરંતુ એમને મન આ ગુરુ કેવળ દેહધારી વ્યક્તિ નથી, પણ શક્તિ છે. એમના ઈષ્ટ, સર્વવ્યાપક પ્રભુના પ્રતિનિધિરૂપ, જીવંત પ્રેરણા અને સાધનાનું સાકાર દેહધારી સ્વરૂપ છે. એમને મન રામ, શ્યામ ને શંકર કે જગદંબા આ ગુરુમાં જ સમાઈ જાય છે. એટલે આ ગુરુ પ્રત્યે પ્રત્યક્ષ અથવા પરોક્ષ અવસ્થાઓમાં એમણે જે જે ભાવો અનુભવ્યા તે તે ભાવો આ પદો કે ભજનોમાં અભિવ્યક્તિ પામ્યા છે.

આ ગેય પદાવલી ઘણી સરળ, ટૂંકી અને સુંદર ભાવોથી ભરેલી છે. એમ છતાં એ છંદો, માત્રાઓ કે પ્રાસોના બંધનમાં બધે બંધાયેલી જણાતી નથી. એની ભાષા સરળ ને લોકભોગ્ય છે. વળી તે સરળતાથી લોકજીભે ચઢી જાય તેવી છે. એમાં કોઈ ભારેખમ શબ્દો નથી, કે નથી અર્થગાંભીર્યવાળી રચના. એટલે, એના ભાવો સામાન્ય માણસો પણ સહેલાઈથી પકડી શકે એવા છે.

એમનાં પદોમાં આપણને મીરાંબાઈનાં ભાવોનું દર્શન થાય છે. દા.ત.

**'ગુરુ ગોપાલ પ્રભુ બંસી બજાવે,**

**આવ્યાં સાંભળવા નર ને નાર.'**

*

**'રાધાના શ્યામ! તારી પાસે હું માંગું,**

**જીવન મારું ધન્ય કરું.'**

એમનો પ્રથમ ભજનસંગ્રહ 'અર્ઘ્ય' સારો એવો આવકાર પામ્યો છે, તે જોતાં આ સંગ્રહ પણ સારો લોક-આવકાર પામશે એમાં શંકા નથી. મીરાં અને નરસિંહના પદોની જેમ એમના ભજનો ને પદો ગુજરાતના ભક્તિ અને ભાવહૃદયને પુષ્ટ કરશે, અનેક ભાવપ્રધાન લોકોને પ્રેરણા પાશે અને આત્મિક સાધનાના પંથે વિચરતા સાધકોને આત્મનિવેદન ભક્તિના ભાવોનું ભાથું એમાંથી સાંપડશે એ નિર્વિવાદ છે.

કોઈ પણ ભક્તિભાવપૂર્ણ સહૃદયી વાચકને એમાંથી કંઈ ને કંઈ અવશ્ય મળશે, એટલું પ્રતીતિપૂર્વક કહી શકું

**- નારાયણ હ. જાની**



* * *

# શુભેચ્છા

સર્વેશ્વરીના પ્રથમ ગીતસંગ્રહ 'અર્ધ્ય'નું પ્રકાશન થયા પછી તેને જનતાનો અસાધારણ આવકાર મળવાથી એની બીજી આવૃતિ એક જ વરસમાં બહાર પાડવી પડી. એ બતાવે છે કે જનતાને એમના ગીતો અથવા ભજનો પ્રત્યે અપાર પ્રેમભાવ છે. એમનાં ભજનો અથવા ગીતો આબાલવૃદ્ધ સૌ કોઈને આકર્ષે છે, ગમે છે અને રસ પ્રદાન કરે છે. પ્રસ્તુત સંગ્રહમાં એમની એ પછી રચાયેલી રચનાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

એ રચનાઓની પાછળ એમના જીવનના જાત-અનુભવના ધબકાર સંભળાય છે. ક્યાંય કૃત્રિમતા નથી દેખાતી, નિર્મળ સહજતા અનુભવાય છે. એમની વાણી હૃદયને સ્પર્શે તેવી અને પ્રેરક છે.

એમના પ્રથમ સંગ્રહની પેઠે પ્રસ્તુત સંગ્રહ પણ જનતામાં આવકાર પામશે અને સૌ કોઈને માટે રસપ્રદાયક તથા પ્રેરક ઠરશે એવી આશા અસ્થાને નહીં ગણાય.

સર્વેશ્વરી વધારે ને વધારે પ્રમાણમાં લખે અને બીજાને માટે પ્રેરક બને એવું ઈચ્છું છું.

**- યોગેશ્વર**

* * *

# નિવેદન

અંજલિ સંગ્રહની પ્રસિદ્ધિ પ્રસંગે પરમ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના શ્રી ચરણોમાં પ્રણામ, જેમની પવિત્ર પ્રેરણાથી જીવન સાધનાપંથે વળ્યું.

આ પદસંગ્રહ તૈયાર થઈ રહ્યો હતો ત્યારે તો કલ્પના પણ ન હતી કે એ અમારા માતુશ્રીની પુણ્યસ્મૃતિમાં જ પ્રકાશન પામશે. તા. ૨૨-૦૩-૮૩ ના રોજ અમારા માતુશ્રીએ ચિરવિદાય લીધી. એમની પવિત્ર સ્મૃતિ પ્રભુપંથે પ્રેરક બની રહો એ જ પ્રાર્થના.

અંજલિનું પ્રકાશન પૂજ્ય માતુશ્રીની પુણ્યસ્મૃતિમાં એમના સંતાનો શ્રી વિઠ્ઠલભાઇ, શ્રી વામનભાઈ, શ્રી શારદાબેન, શ્રી સુશીલાબેન તથા શ્રી સાવિત્રીબેનના આર્થિક સહયોગથી થઈ રહ્યું છે. એ રીતે તે સૌએ પોતાનું ઋણ અદા કર્યું છે.

મારા સાધનાત્મક જીવનને સમજપૂર્વક આવકારનાર અમારા વડીલ સ્વજન શ્રી ઈશ્વરભાઈને “અંજલિ” માટે આમુખ લખવા બદલ અભિનંદન ઘટે છે. તેઓ એક ઉચ્ચકોટિના સાધક છે. ગ્નાની છે, વિદ્વાન અને કવિ છે, એમની કલમે મારા આ નાનકડા સંગ્રહને આવકાર મળ્યો એ મારું સદભાગ્ય છે.

અધ્યાત્મ માસિકના તંત્રી શ્રી નારાયણ જાનીએ મારી વિનંતિને માન્ય રાખી આ સંગ્રહનો પ્રવેશક પરિચય લખ્યો તે બદલ તેમને પણ અભિનંદન ઘટે છે.

**- સર્વેશ્વરી**

* * *

# અનુક્રમણિકા


૧. હરિદર્શન
૨. સૌભાગ્ય
૩. મળી ગયા
૪. એટલું આપજે
૫. સંત-સહારે
૬. પ્રીત કરી
૭. નિશ્ચિંતતા
૮. રક્ષા કરોને
૯. ગુરુને વંદન
૧૦. સ્વજનોને
૧૧. વ્યથા વિરહની
૧૨. વિનવણી
૧૩. અનુનય
૧૪. સંતની સંગત
૧૫. નામની ચૂડી
૧૬. શ્રેષ્ઠ ભક્તિ
૧૭. વ્હાલાની વાટમાં
૧૮. પ્રભુપંથે
૧૯. શણગાર
૨૦. કૃપાની વાદળી
૨૧. જીવન સજાવ્યું
૨૨. હરિ ! તમે
૨૩. સાધના પંથે
૨૪. નંદદુલારા
૨૫. કૃપાનિધિને
૨૬. ગુરુની બંસી
૨૭. જીવન-વાટે
૨૮. વંદન
૨૯. રાધાના શ્યામ
૩૦. શ્યામને નિમંત્રણ
૩૧. પ્રાર્થના
૩૨. કૃષ્ણ કામણગારા
૩૩. વંદના
૩૪. ફૂલડું
૩૫. ઘનશ્યામ
૩૬. હરિનું આગમન
૩૭. ગુરુદેવને
૩૮. સંતનું શરણું
૩૯. કૃપા
૪૦. કૃષ્ણને
૪૧. મારી સાથ સદાયે
૪૨. મારી માત
૪૩. ચિંતા નથી
૪૪. સાથે રાખો
૪૫. કૃપાની વર્ષા
૪૬. શાંતિ મળી
૪૭. સાથ ધર્યો
૪૮. સંતસ્વરૂપે પ્રભુ
૪૯. જય જય
૫૦. ભજ મન
૫૧. શ્રી યોગેશ્વર સ્તુતિ




* * *

# ૧. હરિદર્શન

શ્રી હરિવર હે ! પ્રેમે પધારો દર્શન દેવા કાજે રે,
તન-મન-અંતર થકી વધાવું શ્રદ્ધાભક્તિ સાથે રે ... શ્રી હરિવર.

વિષયોની યારીને મેં તો છોડી શ્રીહરિ કાજે રે,
જોડી તારે ચરણે પ્રીતિ દર્શન કરવા માટે રે ... શ્રી હરિવર.

ભક્તિભાવમાં લીન બનીને સ્વજનોમાંહી સમાઈ રહે,
એવી આશિષ પિતા તણી પૂરણ કરજો પરમાત્મા હે .. શ્રી હરિવર.

માતાને વંદન કરવાથી શુભાશિષ વરસાવે રે,
એ શુભાશિષો શ્રીહરિ તારી પાસ સદાયે લાવે રે ... શ્રી હરિવર.

સુયોગ્ય સમયે સુકાન સોંપ્યું કે શ્રીગુરુજીને હાથે રે,
શ્રીહરિને ચાલી મળવા સદગુરુજીની સાથે રે ... શ્રી હરિવર.

શ્વાસોચ્છવાસે નામ જપો તો નામી દોડી આવે રે,
સંતવચનને સત્ય ગણીને અમૃતવર્ષા લાવે રે ... શ્રી હરિવર.

નામસ્મરણ એક જ હું જાણું, બીજુ કૈં ના જાણું રે,
નામ નિસરણી મૂકી આનંદ નામી સાથે માણું રે ... શ્રી હરિવર.

આ જન્મે ને આ દેહે હું પામું શ્રીહરિ દર્શન રે,
સહાય કરજો શ્રી હરિ મુજને, કરજો દૈવી સ્પર્શન રે ... શ્રી હરિવર.

* * *

## ૧. રચના સમયના મનોભાવો

શાળામાં આચાર્યપદ સંભાળતા સંભાળતા સુરતના હરિઃ ૐ આશ્રમમાં મૌનમાં બેસવાનું બનતું. તે દિવસોમાં આ પદ લખાયું હતું.

હરિને મેળવવા જ વિષયોની ચારી છોડી છે, તો હવે શ્રી હરિ મૌન મંદિરમાં દર્શન દેવા આવે તો કેવું સારું?

મૌનમંદિરના દરેક પ્રવેશ સમયે માતાપિતાના આશીર્વાદ લેવાનું બનતું ત્યારે અમારા પિતાજી કહેતા કે, તારું જીવન ભક્તિભાવમાં તલ્લીનતા અનુભવે અને તારાં જે સ્વજનો છે તે તને સહાયક થાય એ જ ભાવના અમારી તો છે. વળી, અમારાં માતાજીનો સ્વભાવ તો ઓછાબોલો એટલે તેઓ તો હંમેશની જેમ મૂક રહીને આશીર્વાદ આપતાં. માતાપિતાના આશીર્વાદ પણ શ્રી હરિ પાસે પહોંચવામાં મદદરૂપ થાય જ છે.

જીવનમાં યુવાનીના પ્રવેશે જ સદગુરુ મળી ગયાં. જાણે કે પ્રભુએ સમયસર જીવન શ્રીગુરુના ચરણે મૂકી દીધું અને એથી હવે શ્રીગુરુના સહારે શ્રીહરિ દર્શન થશે જ એવી શ્રદ્ધા જાગી ઊઠી. આ જન્મે જ કાર્ય પૂર્ણ કરી શકું એ માટે હરિ જ સહાય કરે એવી ભાવના આ પદમાં વણાઈ છે.

* * *

## ૨. સૌભાગ્ય

મારું સૌભાગ્ય ગયું જાગી રે તારા શરણમાં.

રવિકિરણ એક મધુ છૂટ્યું, પદ્મતણું દિલડું તૂટ્યું;
જીવનધન એનું લૂંટ્યું રે ... તારા શરણમાં.

સરિતા સૂની શી વહેતી, કામણની કથા કહેતી,
સુખસાગર સંગે લહેતી રે ... તારા શરણમાં.

આ જીવનની યાત્રામાં, અલ્પ અધિક કે માત્રામાં,
વિશ્રામ મળ્યો મધુ છાયામાં ... તારા શરણમાં.

તેં પ્રેમપિયાલા પાયા, એથી અંગ બધાયે નાહ્યાં,
સંગ સાર્થકતા ગીત ગાયાં રે ... તારા શરણમાં.

કિલ્મિષ જીવનનાં કાપ્યાં, ને રૂપ અવનવાં આપ્યાં,
ચરણોને હૃદયે સ્થાપ્યાં રે ... તારા શરણમાં.

એ શરણ સનાતન રહેજો, સુખશાંતિ સદાયે દેજો,
જીવશિવનો લ્હાવો લેજો રે ... તારા શરણમાં.

* * *

## ૨. રચના સમયના મનોભાવો

પ્રભુના શરણમાં જીવનું સૌભાગ્ય સોળે કળાએ જાગી ઊઠે છે.

જીવનની સર્વ પ્રકારની અપૂર્ણતા પૂર્ણતામાં પરિવર્તન પામે છે. સૂના જીવનમાં સુખનો સાગર ઊછળે છે. જીવનની નાનકડી યાત્રામાં પ્રભુની છત્રછાયા મળતાં બધો જ થાક ઊતરી જાય છે. વિષયરસના પ્યાલા પીતા જીવને પ્રભુપ્રેમના પ્યાલા પીવા મળે છે, ત્યારે જીવન સાર્થક બની જાય છે.

પ્રભુનું એ શરણ સનાતન રહે તો જીવનમાં સદાકાળ સુખશાંતિનો અનુભવ થાય. એવી પરમશાંતિ માટે જીવને શિવનું સતત સાન્નિધ્ય પણ મળતું રહે એવી પ્રાર્થના થાય છે.

સાચા દિલથી શરણાગતિનો સ્વીકાર કરી સાધનાના પંથે ચાલીએ તો જીવનનું ભાગ્ય ઊઘડી જાય છે, જીવનનું પરમધ્યેય પણ પૂર્ણતાને પંથે પહોંચી જાય છે.

શરણનો અને પ્રભુના સાન્નિધ્યનો કેવો આનંદ હોય છે, તેનાથી જીવન કેવું રસમય બન્યું એ આ પદમાં જોવા મળશે.

* * *

## ૩. મળી ગયા

મને મળી ગયા દેવના દેવ હરિ .. (૨)

સ્વજનોની સંગાથે ફરતી (૨)
પગદંડી પ્રભુ કેરી ગ્રહી ... મને મળી ગયા.

મંત્રજપની સાધના કીધી (૨)
તપ વ્રત ઉપવાસોને વરી ... મને મળી ગયા.

પ્રભુભજનનું ભાથું બાંધી (૨)
નિયમ-ઔષધ લીધું જરી ... મને મળી ગયા.

સ્મરણ કરતી આવી ઊભી (૨)
બારણે ટકોરા માર્યા ફરી ... મને મળી ગયા.

સાદ સૂણીને દ્વાર ઉઘાડી (૨)
દિવ્ય દર્શનની લ્હાણ ધરી ... મને મળી ગયા.

વિષયો કેરી વિષભરી પ્યાલી (૨)
પલટાવીને પીયૂષે ભરી ... મને મળી ગયા.

* * *

## ૩. રચના સમયના મનોભાવો

સાધના કરતાં કરતાં પ્રભુદર્શન થાય ત્યારે સાધકના જીવનમાં આનંદનો ઉત્સવ મંડાય.

દર્શન માટે શું શું કર્યું અને અંતે શ્રીહરિએ દર્શન આપ્યાં ત્યારે જીવનમાં કેવો ફેરફાર થયો તેનું વર્ણન અહીં જોવા મળશે.

મંત્રજપ, ઉપવાસો, પ્રભુભજન આદિ સાધનોથી સાધનાક્ષેત્રે મથામણ શરૂ થઈ તો અંતે પ્રભુએ પોકાર સાંભળ્યો અને પોતાનું દિવ્યદર્શન પ્રસાદરૂપે આપ્યું, ત્યારે રહ્યો સહ્યો વિષયોનો રસ પીયૂષમાં પરિણમ્યો.

જીવનમાં દેવોના પણ દેવ એવા શ્રીહરિ જ મળી જાય તો તેથી થતો આનંદ અહીં વ્યક્ત થયો છે.



* * *

# ૪. એટલું આપજે

વ્હાલા આપે તો એટલું આપજે રે,
શરણાગત વત્સલ ભગવાન.

રાગ દ્વેષ મમતા હૈયે ના વસે રે,
પ્રેમે નસનસ નિર્મળ થાય ... વ્હાલા.

દુનિયાના કામમાં તુજને ભૂલું નહીં રે,
નિરંતર નામ જપાવજે, નાથ ... વ્હાલા.

મનડું મિથ્યાભિમાનમાં ના રમે રે,
નમ્રતા આપજે, મારા રાજ ... વ્હાલા.

નાવિક ભવસાગરનો બની જજે રે,
હોડલી હંકારજે પેલે પાર ... વ્હાલા.

રોમેરોમ રંગજે તારા રાગથી રે,
કરજે જગમાં જયજયકાર ... વ્હાલા.

* * *

## ૪. રચના સમયના મનોભાવો

સાચો ભક્ત ભગવાન પાસે પ્રભુપંથે જરૂરી વસ્તુઓ જ માગે છે. એવી જ માંગણી આ પદમાં થઈ છે. જીવનમાંથી રાગદ્વેષ દૂર થાય ને પ્રભુનો પવિત્ર પ્રેમ પ્રગટે. વળી, રોજબરોજના જીવનમાં પ્રભુનું નિરંતર નામ જપી શકું એવી માનસિક ભૂમિકા પણ પ્રભુ આપે એવી ભાવના વ્યક્ત થઈ છે.

થોડીક સાધના થાય ને વળી મનમાં મિથ્યાભિમાન આવી જાય તો, પ્રભુ ! તું જ મનને નમ્ર બનાવજે. જીવનનો આધાર તો તું જ છે. તો હવે મને ભવસાગરની પાર ઉતારજે.

રોમેરોમમાં કોઈ દુન્યવી રાગને બદલે પ્રભુનો પવિત્ર અનુરાગ અંગેઅંગમાં છવાઈ જાય એવી કૃપા, હે પ્રભુ ! મારી માંગણીના પ્રત્યુત્તર રૂપે પૂરી પાડજે.



* * *

# ૫. હું તો સંત સહારે

હું તો સંતસહારે શ્વાસ ધરું.

સંત જગાડે તો જાગું જરી, વળી,
સંત જપાવે તે જાપ કરું ... હું તો.

સુખ મળે તો સંતકૃપા ને,
દુઃખ પડે તો કસોટી ગણું ... હું તો.

જીવન સૂર્ય બનીને સંતે,
પાપ ને તાપ પ્રજાળ્યું બધું ... હું તો.

સંતસહારે શાંતિ સાંપડી,
કાળ થકી હવે કેમ ડરું?... હું તો.

સંતસ્વરૂપે શ્યામ મળ્યા મને,
શ્રદ્ધાથી ચરણોમાં નમું ... હું તો.

* * *

## ૫. રચના સમયના મનોભાવો

જીવનનો એકમાત્ર સહારો સંતપુરુષ જ બન્યા ત્યારે તે નવજીવન કેવી રીતે શરૂ થયું તેની ઝાંખી આ પદમાં જોવા મળે છે.

મા બાળકને સંભાળે તે રીતે સંતે સંભાળ લેવાની શરૂ કરી. સાધકને અજ્ઞાનની નિદ્રામાંથી જગાડીને મંત્રદીક્ષા આપી, મંત્રજપની સાધના સમજાવી.

જીવનમાં સુખદુઃખ તો આવે જ, ત્યારે પણ સંતની કૃપાથી તે પ્રસંગોનો પણ સમજપૂર્વકનો સ્વીકાર કરવાની સદબુદ્ધિ સાંપડી. સુખ એ સંતકૃપાની ભેટ છે, ને દુઃખ મળ્યું તો સંત કસોટી કરી રહ્યા છે, એવી સમજણ પ્રગટી ત્યારે જીવનમાં સર્વકાળે આનંદ જ પ્રગટી રહ્યો.

સંતપુરુષ પોતાના જ્ઞાનરૂપી સૂર્યથી માનવના સઘળા તાપો, ક્લેશો, કષ્ટોને બાળીને ભસ્મ કરી દે છે. સાચા સંતના સહારે કાળદેવનો પણ ડર રહેતો નથી. સંતના સાન્નિધ્યે સંપૂર્ણ નિશ્ચિંતતા અનુભવવા મળે છે.

અંતે, સંતનું સંપૂર્ણ શરણાગતભાવે સેવન કરવાથી સંતસ્વરૂપમાં જ શ્યામસુંદરની ઝાંખી થાય છે ત્યારે સંતના શ્રી ચરણે થયેલા પ્રણામ શ્રી પ્રભુને પહોંચી જાય છે.

* * *

# ૬. પ્રીત કરી

પ્રભુજીના ચરણમાં પ્રીત કરી (૨)

સંસારીની માયા તોડી (૨)
પ્રભુનાં ચરણોમાં મેં જોડી ... પ્રભુજીના.

જગની રીતિ-ભીતિ છોડી (૨)
બનતાં દિવાની હું દોડી ... પ્રભુજીના.

માત તાત પ્રિય ના કોઈ (૨)
સ્વજન બનાવ્યા છે જોગી ... પ્રભુજીના.

કૃપા કરીને પાર ઉતારી (૨)
મધદરિયે ડૂબતી હોડી ... પ્રભુજીના.

* * *


## ૬. રચના સમયના મનોભાવો

જગતના સર્વ પદાર્થો પ્રત્યે વહેતા પ્રેમભાવને પ્રયત્ન કરતાં કરતાં સહજ રીતે પ્રભુ પ્રત્યે વાળી દીધો.

માયા-મમતાનાં બંધનોને ફગાવીને પ્રભુના શ્રી ચરણે વળતાં નવા પ્રકાશની - નવી દિશાની પ્રાપ્તિ થઈ.

સંસારનાં સગાં કે સ્વજનો - જેમાં ગણો તેમાં - સંતોને સ્થાન મળી ગયું. સમાજની રીતભાત, મર્યાદા, બંધનોને તોડીને પ્રભુમાર્ગે મસ્ત બનવાનું સદભાગ્ય મળ્યું ત્યારે આ પદની રચના થઈ.

જીવનને પ્રભુમય બનાવ્યું તો પ્રભુએ જ જીવનને બચાવી લીધું ને ધન્ય બનાવી દીધું.



* * *

# ૭. નિશ્ચિંતતા

મારી ચિંતા કોઈ કરશો નહીં,

આધિ વ્યાધિ અનેક ઉપાધિ,
જીવન સૌનું ગયું વહી ... મારી.

કાળ ઊભો છે સામે આવી,
પ્રભુ સ્મરણ તમે કરજો સહી ... મારી.

ચિંતા ચતુર્ભુજ કરે અમારી,
ભૂલશો ચિંતન તમે નહીં ... મારી.

ચિંતા કરજો તમે તમારી,
આતમના ઉદ્ધાર તણી ... મારી.

* * *

## ૭. રચના સમયના મનોભાવો

સંસારનાં સૌ સ્વજનો ને સ્નેહીઓને, મિત્રવર્ગને - સૌને પ્રાર્થના થઈ છે, તેના પડઘા આ પદમાં પડે છે.

હિંમતથી, શ્રદ્ધાથી સંસારનો ત્યાગ કર્યો અને પ્રભુપંથે વળી જવાયું ત્યારે સ્વાભાવિક જ જેમને લાગણી, પ્રેમભાવ, લોહીની સગાઈ હતી તેઓ ચિંતા કરતાં જણાયાં. ત્યારે તેમને એ ચિંતાનો જવાબ આ પદ દ્વારા અપાયો.

સૌના જીવનની ચિંતા કરનાર પ્રભુ બેઠો છે. સંસારી માનવની ચિંતા શા કામમાં આવે છે? સૌનું રક્ષણ પ્રભુ કરે જ છે.

ઘણાં માનવોના જીવનનો બહુમૂલ્ય સમય બીજાની ખોટી ચિંતામાં જ વીતી જાય છે. તે સમયે તેઓ પોતાના જીવનના કલ્યાણની જ ચિંતા કરી, પ્રભુમાર્ગે કંઈક પગલાં ભરે તો અંતે તેમનું જ કલ્યાણ થશે, એ વાતની સમજ આ પદમાં આપી છે.

જે પ્રભુ માટે ફકીરી ધારણ કરે તેની ચિંતા, તેની સર્વ સંભાળ પ્રભુ જ રાખે છે. પ્રભુમાર્ગે જે જીવ જાય છે તેની જેને પણ ચિંતા થતી હોય તે સૌને ચિંતા છોડી પ્રભુનું ચિંતન કરવાનો અનુરોધ આ પદમાં કરવામાં આવ્યો છે.

* * *

## ૮. રક્ષા કરોને

રક્ષા કરોને પ્રભુ! અમારી,
છાયા ધરી દો પૂર્ણ તમારી.

દૃષ્ટિથી દોષદર્શન ના કરીએ,
વાણી મધુમય મંગલ કહીએ,
કાયાથી સત્કર્મ સદાયે કરીએ,
સેવા કરીને સફળતા વરીએ ... રક્ષા.

પ્રભુમંદિરે, સંતના દ્વારે,
પ્રયાણ કરીએ શ્રદ્ધાથી પ્યારે;
મનની સદાયે ચોકી કરોને,
ચરણકમળમાં એને ધરોને ... રક્ષા.

* * *

## ૮. રચના સમયના મનોભાવો

સાચી રક્ષા પ્રભુ સિવાય કોણ કરી શકે ? આ પદમાં માનસિક અને આધ્યાત્મિક ક્ષેત્રનું રક્ષણ કરવા પ્રભુને પોકાર પાડવામાં આવ્યો છે.

મન-કર્મ-વચનથી પરમ પવિત્ર બની જઈએ. આંખથી ખરાબ જોવાય નહીં. વાણી મંગલમય સત્ય બને. શરીરથી સત્કર્મથી કોઈકને ઉપયોગી થઈને, સેવા કરીને, જીવનને સફળ બનાવીએ એવી પ્રાર્થના સાથે સર્વ દૂષણોમાંથી રક્ષા કરવાનું પ્રભુને કહેવામાં આવ્યું છે.

અમારાં ચરણો પણ મંદિર કે સત્સંગ ભવન તરફ જ વળે, પૂર્ણ શ્રદ્ધાભક્તિથી સંતનો સમાગમ કરીએ, ત્યારે અમારા મનમંદિરમાં કોઈ અપવિત્ર વિચારો ન રહે તેનું ધ્યાન રાખવાનું પ્રભુને જણાવ્યું છે. અમારા મનને પણ, હે પ્રભુ! તમારા શ્રીચરણે સ્વીકારી લો, જેથી સર્વપ્રકારની રક્ષા થઈ શકે.

એવી રક્ષા થશે તો પ્રભુ કાંઈ દૂર નહીં રહે. પ્રભુની કૃપાથી રક્ષા થશે અને એક દિવસ પ્રભુની પૂર્ણ છત્રછાયામાં મ્હાલવાનું સદભાગ્ય સાંપડશે એવી અભીપ્સા વ્યક્ત થઈ છે.


* * *

# ૯. ગુરુને વંદન

વંદન ગુરુજી! પ્રેમે કરીએ,
શ્રીચરણોમાં મસ્તક ધરીએ.

માતતાત છો, સાથી ન્યારા,
સ્વામી, સખા ને સ્વજન છો પ્યારા...વંદન.

દાસ બનાવી ચરણે રાખો,
ક્લેશ સમસ્ત જીવનના કાપો...વંદન.



માળી અમારા! ફૂલડાં તમારાં,
સુગંધ ભરજો પ્રાણે અમારા ... વંદન.

ડગલે પગલે ભૂલો કરતા,
અનિત્ય પથ પર પગલાં ભરતા ... વંદન.

અનુગ્રહથી અપનાવો અમને,
અરજી અંતરતમથી તમને ... વંદન.

* * *

## ૯. રચના સમયના મનોભાવો

જીવનનું જે પરમ કલ્યાણ સાધવાનું છે તેમાં જે સાચી સહાય કરે તે ગુરૂ. એવા ગુરૂજીને અંતરના અંતરતમથી પ્રણામ. સંસારના સર્વ બંધનોને ગુરૂજીના શ્રીચરણે સમર્પિત કર્યા, જેથી હવે શિષ્યનાં સાચાં માતાપિતા, સાથીદાર, સ્વામી કે મિત્ર - સર્વ સદગુરૂ પોતે જ બની ગયા છે. એ સર્વરૂપે જ્યાં સમાઈ ગયાં છે તે વ્યક્તિવિશેષ ગુરૂજીને પ્રેમમય પ્રણામ.

ગુરૂજીના શ્રી ચરણે દાસ બનીને રહીએ તો જીવનનાં સર્વ કષ્ટો-ક્લેશોમાંથી મુક્તિ મળી જાય. એ માટે શ્રી ગુરૂજીને પ્રાર્થના કરવાની રહે છે.

સદગુરૂ શિષ્યના પ્રભુમય જીવનબાગના માળી છે. ગુરૂજીએ જ પ્રભુપ્રેમનું બીજ વાવ્યું છે. હવે એ જ સંભાળ રાખશે. ફૂલ ખીલે ને સુગંધથી સંપન્ન બને ત્યાં સુધી સદગુરૂ જ સંભાળ રાખીને માવજત કરશે એવી વિનંતી થઈ છે.

શિષ્ય તો ઘણીવાર અવિવેકભરી ભૂલો કરતો રહે છે, અને જે અનિત્ય છે તે તરફ દોટ મૂકે છે. ત્યારે એવી પરિસ્થિતિમાં પણ તેને ગુરૂજી જ બચાવી લે છે, ખોટી દિશામાંથી પાછો વાળી લે છે. ગુરૂજી પોતાનો વિશેષ અનુગ્રહ વરસાવીને અમારી વિનંતિને ધ્યાનમાં રાખીને અમને આગળ વધારશે.

સાચા ગુરુને આ રીતે વંદન સાથે પ્રાર્થના થઈ શકે.

* * *

## ૧૦. સ્વજનોને

પ્રભુ સાથે જીવન જોડ્યું રે,
ફિકર ન કરશો મારી.

સ્વજનો ગણો જો સાચાં,
સાથ ધર્યો તેવો ધરજો;
શુભચિંતક બનતાં ફરજો રે ... ફિકર.

મોટેરાં માનો તમને
આશિષ ધરજો તો અમને;
નિશ્ચિંત બનીને રહેજો રે ... ફિકર.

મારાં સગાંસંબંધી જોગી,
બનવું છે મારે યોગી;
ધીરજ ને હિંમત ધરજો રે ... ફિકર.

તમે ફિકરની ફાકી કરજો,
આશંકાને પરહરજો;
ખીલે ફૂલડાં તે જોજો રે ... ફિકર.

* * *

## ૧૦. રચના સમયના મનોભાવો

પોતાનું નાનું સંતાન પ્રભુમાર્ગે સ્થિર થવા મથતું હોય ત્યારે પણ મમત્વના ભાવે માતાપિતા કોઈક વાર ચિંતા કરતાં જણાય છે. ત્યારે સાધક પોતાનાં સ્વજનોને, વડીલોને, માતાપિતાને વિનંતિ કરે છે. સાધક કહે છે કે મેં તો પ્રભુ સાથે જીવન જોડ્યું છે. આપ સૌ કૃપા કરીને મારી ચિંતા છોડી દો.

સાધકને જે સુયોગ્ય રીતે સમજે ને સહકાર આપે તે જ તેનાં સ્વજનો ગણાય. લોહીની સગાઈ તે સ્વજન એ માન્યતા સાધના ક્ષેત્રે ખોટી ઠરે છે. સ્વજન તો એક પ્રભુ જ, અને એને સમજનારાં પણ સ્વજન ગણાય. લોહીની સગાઈથી સ્વજનો કે વડીલો મનાતાં હોય તો તેવા સ્વજનોનું કર્તવ્ય અગાઉ સમજપૂર્વકનો સહકાર આપ્યો તેવો સહકાર આપવાનું છે. વળી, આશિષ વરસાવીને શુભેચ્છા સાથે તેમને નિશ્ચિંત રહેવાનું છે. કારણ કે, સાધકનાં સગાં તો યોગીઓ, સિદ્ધપુરુષો છે. સાધક પણ એ જ રીતે યોગી બનવા મથે છે તો સગાંએ ધીરજ ને હિંમત ધરવી. સાધકના પ્રભુ પ્રત્યે પ્રગટતા જીવનને જોઈને સગાંએ પ્રસન્ન અને નિશ્ચિંત બનવાનું છે.

પૂજ્ય શ્રી યોગેશ્વરજી સાથે વિદેશની યાત્રા થઈ ત્યારે અમેરિકામાં આ પદ લખાયું. અમારા પિતાજીનો પત્ર હતો કે, નિયમિત સમાચાર લખવા જેથી ચિંતા ના થાય. એ પત્રનો પ્રત્યુર આ પદમાં લખાયો.

* * *

# ૧૧. વ્યથા વિરહની રે

વ્યથા વિરહની રે વ્હાલા ! તારી વાટમાં રે લોલ,
આંસુડાની ધારેધાર અહોનિશ આંખમાં રે લોલ.

ધીરજ હિંમતની રે કસોટી કરે કારમી રે લોલ,
નિંદા ટીકાનાં ફૂલ પાથરતો પ્યારથી રે લોલ ... વ્યથા.

ચારેકોર વાગતું રે વિરોધ કેરું ગીતડું રે લોલ,
તલસાવે તડપાવે તેમ દર્દ થકી દિલડું રે લોલ ... વ્યથા.

કટુ વચનનો રે પ્રસાદ ધરે પ્રેમથી રે લોલ,
જીવન ઘડતરના પાઠ પઢાવતો સ્નેહથી રે લોલ ... વ્યથા.

અંતે કરી દે ધન્ય પરમાણુ પ્રાણનો રે લોલ,
આનંદમંગલ થાય ભક્ત-ઉર આંગણું રે લોલ ... વ્યથા.

* * *

## ૧૧. રચના સમયના મનોભાવો

પ્રભુપંથે પ્રયાણ કરનારાની આકરી કસોટીઓ થતી હોય છે. ધ્રુવજી, પ્રહ્લાદ, મીરાંબાઈનાં જીવનને જાણવાથી એનો ખ્યાલ આવે જ છે. મારી સાધનાની પગદંડી ઉપર પણ એવા જ અનુભવો થયા, જેનું વર્ણન આ પદ દ્વારા વ્યક્ત થયું છે.

પ્રભુ પોતાના પ્યારા ભક્તને સર્વ ક્ષેત્રે સંપૂર્ણ બનાવવા માગતો હોઈ સર્વ સદગુણોનો વિકાસ થાય તેને તે જરૂરી માને છે. તેથી જ નિંદા અને ટીકાનાં પુષ્પો પાથરીને ભક્તની સહનશક્તિને સુદૃઢ કરે છે. વળી, સત્ય મધુરભાષી પ્રશંસાત્મક શબ્દોની પ્રસાદી બદલે કટુ વચનોનો પ્રસાદ આપતો રહે છે.

પ્રભુને પામવાની વિરહવેદના હોય, એને મેળવવા માટે સતત અશ્રુપાત થતો હોય, તો છેવટે ઘણાં લાંબા કાળે પ્રભુ કૃપાની વર્ષા વરસાવતો જોવા મળે છે. પ્રભુ ભક્તને છેવટે ધન્યતામાં સ્નાન કરાવે છે. પછી તો ભક્તના જીવનમાં આનંદ-આનંદ થઈ જાય છે.

* * *

# ૧૨. વિનવણી

શ્રીગુરુદેવ પ્રભુ! તમને, વિનવું આજે વારંવાર,
વિનવું આજે વારંવાર, દર્શન આપો દિવ્ય રસાળ.

દિવ્ય સ્વરૂપ સજીને, વ્હાલા !
દોડી આવો દ્વારે મારા;
મારી માંગ સ્વીકારો નાથ ... દર્શન આપો.

કૃષ્ણ બનીને આવો આજે,
રાસ રચાવો મારે કાજે,
ડંખે વિરહે પ્રેમળ પ્રાણ ... દર્શન આપો.

શંકર રૂપે પાસે પધારો,
મમતા મોહ અહંતા મારો,
કરવા કાયાનું કલ્યાણ ... દર્શન આપો.

જપ તપ વ્રત ઉપવાસ ન કીધાં,
દિલનાં દૈવી દાન જ દીધાં,
માની પૂજાનો એ થાળ ... દર્શન આપો.

અખંડ રૂપ અલૌકિક ધરજો,
મુજને કાયમ કાજે વરજો,
છોડી જશો નહીં ક્ષણવાર ... દર્શન આપો.

* * *

## ૧૨. રચના સમયના મનોભાવો

સદગુરુ જ જો સાધકના ઈષ્ટદેવ હોય તો, સાધક સદગુરુને જ વિનંતિ કરે છે કે આપ જ શ્રી કૃષ્ણ અને શંકરનું દિવ્ય સ્વરૂપ સજીને મારી સામે પ્રગટ થાઓ. શ્રદ્ધાભક્તિથી કરેલી વિનવણી પ્રભુ સાંભળે છે અને પ્રભુની પરમ શક્તિ સદગુરુના સ્વરૂપમાં દિવ્યદર્શન કરાવે છે.

દિવ્યદર્શનની ઈચ્છાને પૂરી કરવા સાધક જપ, તપ, વ્રત ના કરે અને ફક્ત મનઅંતરથી સમર્પિત થઈ જાય તો પણ એ પૂર્ણ પૂજા બની જાય છે.

ગુરુદેવ જ સર્વ કાંઈ છે. તેમનો જ સંપૂર્ણ સદાનો સહવાસ મળી જાય તો સાધના સરળતાથી સહજ રીતે થયા કરે. સાધનાના પરિપક્વ ફળરૂપે સાધકને દર્શન પણ થઈ જાય છે. ગુરુદેવના સહવાસથી સર્વ દુર્ગુણો ધીરે ધીરે સદગુણોમાં પરિવર્તન પામે છે. મમતાનાં મીઠાં બંધનો પણ સાધકમાં હળવાં થાય છે. સંસારનો મોહ અને અહંકાર પણ શ્રીગુરુના ચરણે વિશ્રામ પામે છે. એવી શ્રદ્ધાથી સાધક વિનંતી કરે છે.

* * *

## ૧૩. અનુનય

સકળ વિશ્વના રક્ષણહારા !
મારી સમીપે વસજે રે.

પગલાં ભરું હું આડાં જરી તો,
મીઠી ટકોર મને કરજે રે ... સકળ.

મિથ્યા ચિંતાઓ ચિતડે ચઢે તો,
નિશ્ચિંતતા જરી ધરજે રે ... સકળ.

ભૂલવા ચહું હું તુજને કદી તો,
ભ્રમણા મારી બધી હરજે રે ... સકળ.

શ્રદ્ધા ચળે, સ્નેહ સ્વપ્ને શમે તો,
નિત નવી પ્રેરણા ભરજે રે ... સકળ.

* * *

## ૧૩. રચના સમયના મનોભાવો

સંસારમાં સાચો સંરક્ષક કોણ છે ? માતા કે પિતા કે સ્વજનો ? નહીં. પ્રભુ જ સર્વપ્રકારે રક્ષા કરવા સમર્થ છે, તેથી જ પ્રભુને પ્રાર્થના કરીએ. જીવનનાં વિવિધ ક્ષેત્રે ઘણીવાર ભૂલો થતી રહે છે, અયોગ્ય માર્ગે પણ ચાલવા માંડીએ છીએ ત્યારે કોણ સાચું માર્ગદર્શન પૂરું પાડે ? એવી પરિસ્થિતિમાં પણ પ્રભુને જ પ્રાર્થના કરીએ કે મારા મન-અંતરમાં સદબુદ્ધિનો સૂર્યોદય પ્રગટાવજે. વ્યર્થ ચિંતાઓ, ખોટા ભય મનમાં જાગે તો મનને પ્રભુ સિવાય કોણ નિશ્ચિંતતા ધરશે ?

જીવનની પગદંડી ઉપર, હે પ્રભુ ! તને જ ભૂલી જઉં ત્યારે, ને ભ્રમજાળમાં ભરમાઈ જવાના પ્રસંગે પણ મને તું જ રક્ષજે. શ્રદ્ધાભક્તિ ડગી જાય, પ્રેમભાવ ઓછો થાય ત્યારે પણ મારા જીવનની લગામ તારે હાથ જ રાખજે. નવી પ્રેરણા, નવો ઉત્સાહ મારા પથ પર પાથરજે.

મારા જીવનનો તું જ આધાર છે. તું મારી પાસે સૂક્ષ્મરૂપે વસીને મારા પ્રભુમય જીવનની સર્વપ્રકારે સંભાળ રાખજે. આવી આવી પ્રાર્થના કરીને પ્રભુને પ્રસન્ન કરવાનું કાર્ય સાધના ક્ષેત્રે થઈ શકે.

* * *

## ૧૪. સંતની સંગત

સાચા સંતની સંગત સેવીએ રે,
સંતની સંગતે મળશે શ્યામ.

શ્રીચરણોમાં મસ્તક મેલીએ રે,
કરીએ તન-મન-ધન કુરબાન ... સાચા.

સંતનું સ્મરણ ઉરમાં ધારીએ રે,
ધરીએ મુખમંડળનું ધ્યાન ... સાચા.

કરીએ સેવા શ્રદ્ધાભાવથી રે,
જ્ઞાનપીયૂષનું કરીએ પાન ... સાચા.

અંતે દર્શન કરાવે દેવનાં રે,
પ્રસન્ન બનતાં દે વરદાન ... સાચા.


* * *

## ૧૪. રચના સમયના મનોભાવો

સાચા સંતની સંગતને પ્રભુકૃપાએ મળેલી અમૂલ્ય ભેટ ગણી શકાય. એ અમૂલ્ય ભેટ મને પણ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના સ્વરૂપે મળી ગઈ. એ સમર્થ સંતના શરણે કઈ રીતે રહી શકાય અને એ રીતે શરણાગતિભાવે રહીએ તો શું પામી શકાય, એનો પ્રત્યુત્તર આ પદમાં મળશે.

સાચા સંતના સેવનથી જ શ્યામ પણ મળે છે, એ હકીકતનો સ્વીકાર આ પદમાં જોવા મળશે. સંતના શરણે થતી સરળ ને સહજ સાધનાથી સંત પ્રસન્ન થઈ જાય તો જીવનનું સર્વોત્તમ ધ્યેય પણ સરળતાથી પૂર્ણ થઈ જાય છે.

મારી સાધનાનો એ જ અભિગમ હતો અને એ રીતે કોઈ પણ સાધક આગળ વધી શકે એવી મારી શ્રદ્ધા છે. સર્વસમર્પણ સંતના ચરણે કરી તો જુઓ. પ્રભુ જરૂર કૃતકૃત્ય ને ધન્ય બનાવી દેશે.




* * *

# ૧૫. નામની ચૂડી

હરિ! તારા નામની ચૂડી મેં ધારી રે,
ચૂડી પહેરી બની ગઈ છું દિવાની રે.

તૂટે નહીં, ફૂટે નહીં, નંદવાય ના,
સ્વપ્ને પણ પલાળી શકે ના પાણી રે ... હરિ.

અખંડ ને અમર ચૂડી છે ધારી રે,
માયા-મમતા એના થકી ગઈ હારી રે ... હરિ.



ચૂડી પહેરી યમની ભીતિને મારી રે,
હરિનામે ગુરુદેવે મને તારી રે ... હરિ.

હરિ ! તારા રૂપે ગયાં સહુ વારી રે,
ચૂડી પહેરી તરી ગયાં નરનારી રે ... હરિ.


* * *

## ૧૫. રચના સમયના મનોભાવો

સાધના ક્ષેત્રે સાધક અવનવા સાજ સજતો જણાય છે. સ્થૂળ દુન્યવી સાજને બદલે એ સૂક્ષ્મ સાજ સજે છે, જેને સ્થૂળ દૃષ્ટિએ ભાગ્યે જ જોઈ શકાય છે.

પ્રભુને આરાધ્યદેવ ગણીને પ્રભુને વરવા માટે ચૂડી એક અનિવાર્ય આવશ્યકતા ગણાય, પરન્તુ તે ચૂડી હરિનામની હોય છે. અખંડ નામરૂપી ચૂડી પહેરવાથી સાધક સાધનામાં મસ્ત બની જાય છે, તે મસ્તી સામે માયા અને મમતા પણ હારી જાય છે.

પ્રભુનું નામ એ અમર ચૂડી છે. એ ચૂડી જો ગુરુદેવ તરફથી મળે તો સંસારસાગર સહજ રીતે તરી જવાય છે. હરિનામની એ ચૂડી સામે મૃત્યુનો પણ ડર રહેતો નથી. અમર જીવનની પ્રાપ્તિ એ ચૂડી પહેરવાથી થઈ જાય છે એવો સૂર આ પદમાં અભિવ્યક્ત થયો છે.



* * *

# ૧૬. શ્રેષ્ઠ ભક્તિ

પ્રભુના મંદિરમાં આવી ચઢી હું,
પ્રભુના મંદિરમાં આવી ફરી.

પ્રેમના પુષ્પો, પ્રેમની પુજા,
શ્રદ્ધા કેરો દીપ કરી ... પ્રભુના.

સદવિચારની સુગંધ ભરતાં,
મંત્ર-જપ તણી માળ ધરી ... પ્રભુના.

ડગમગતી હું આવીને ઊભી,
ભક્તિભાવને દિલમાં ભરી ... પ્રભુના.

સ્વીકારવાને પ્રેમભરી પૂજા
વેગે દોડી આવ્યા હરિ ... પ્રભુના.

પૂજા મારી અર્પણ કરતાં,
ભવસાગરને સહેજે તરી ... પ્રભુના.

પ્રભુ કહે, દિનરાત અહીં તો,
ભિક્ષુક આવે ટોળે વળી ... પ્રભુના.

તું તો મારે કાજે આવી,
ભક્તિ તારી શ્રેષ્ઠ ઠરી ... પ્રભુના.

* * *

## ૧૬. રચના સમયના મનોભાવો

મંદિરમાં પ્રભુનાં દર્શન કરવા જનારાં પ્રભુ પાસે કંઈક ને કંઈક લૌકિક આશાએ જતાં હોય છે, ત્યારે પ્રભુ પણ શાંતિથી એ બધું તટસ્થ ભાવે જોયા કરતા હશે. એવા લૌકિક ઈચ્છાવાળાં ભક્તોના ટોળાં સાથે મેં મંદિરમાં પ્રવેશ કર્યો.

મારી પાસે કોઈ ભોગપદાર્થોનો કે કોઈ કીંમતી પૂજાનો થાળ ન હતો. ખૂબ સંકોચ સાથે, કોઈની પણ નજરે ના દેખાય એવો પ્રેમનો પૂજાપો, શ્રદ્ધાનો દીવડો, સદવિચારોની સુગંધી અને મંત્રજપની પુષ્પમાળા લઈને મેં મંદિરમાં પ્રવેશ કર્યો.

સૌના કીંમતી પૂજા-થાળો જોઈને ખચકાટ અનુભવ્યો, પણ શ્રદ્ધા ને ભક્તિભાવ મનઅંતરમાં હતાં એટલે મારો સૂક્ષ્મ થાળ પ્રભુને મનોમન અર્પણ કર્યો. ત્યાં તો પ્રભુ સૌના કીંમતી પૂજાથાળોને છોડીને મારી પાસે દોડી આવ્યા. મારી સમર્પણની પૂજાનો પ્રભુએ સ્વીકાર કર્યો અને તે જ ક્ષણે પ્રભુએ પ્રસન્ન બનીને મને એમના સુમધુર વચનામૃતનું પાન કરાવતાં કહ્યું કે - અહીં તો સૌ લૌકિક માંગણી સાથે જ મને મળવા આવે છે. મને જ મળવા કોઈ આવતું નથી. તારો કોઈ પણ જાતની લૌકિક માંગણી સિવાયનો પૂજાપો જોઈને મને ખૂબ આનંદ થયો.

આ ભિક્ષુકોના ટોળામાં માત્ર તું જ મને ઝંખે છે. તારી ભક્તિ જ શ્રેષ્ઠ સાબિત થઈ છે, તેથી જ હું તારી પૂજાનો, તારા જીવનનો સ્વીકાર કરું છું. પ્રભુના આ વચનામૃતના પાન પછી જીવન ધન્ય બની ગયું. સહજ રીતે ભવસાગરને તરી જવાની શ્રદ્ધા જાગી ઊઠી.

* * *

# ૧૭. વ્હાલાની વાટમાં

વર્ષા વ્હાલની રે, વ્હાલા! તારી વાટમાં રે લોલ,
કૃપા તણી મધુમાળ આવી મળે સાથમાં રે લોલ.

તુજને વરવા રે કોઈ વિરલા આવી ચઢે રે લોલ,
કરે કસોટી તું ને હૈયું ધરે વજ્ર શું રે લોલ ... વર્ષા.

ધાર્યું કરાવે છે વિરોધ કેરા વહ્નિમાં રે લોલ,
દર્શનનું દેતો દાન, સંતૃપ્ત કરી પ્રાણને રે લોલ ... વર્ષા.

થાક્યે કે હૈયું હાર્યે ધીરજધન ધરી દેતો રે લોલ,
એકલ અનાથજનનો સાથી સદા બની જતો રે લોલ ... વર્ષા.

* * *

## ૧૭. રચના સમયના મનોભાવો

આપણા જીવનનો સમસ્ત સ્નેહ પ્રભુનાં શ્રીચરણે વાળી દઈએ તો વ્હાલાની એ વાટમાં વ્હાલની વર્ષાનો અનુભવ થતો જોવા મળે છે.

કોઈક જ વ્હાલાને વરવાનો વિચાર કરે. જે વિચારે તે કાળક્રમે પ્રયત્ન કરે. પ્રયત્ન કરનારની કસોટી પણ કોઈકવાર થાય. તો વળી, કસોટીમાંથી પાર ઊતરવાની શક્તિ પણ પ્રભુ જ કૃપા કરીને સાધકને આપતો રહે છે.

ચારેકોર વિરોધી વાતાવરણ અનુભવવા મળે છતાં પ્રભુ પોતાની પરમકૃપાનું પવિત્ર દાન સાચા સાધકને આપીને સંતૃપ્ત કરી દેતો હોય છે. પ્રભુ એના સાધકના જીવનમાં ધીરજ, હિંમત, ઉત્સાહ સમયસર ધર્યા કરે છે અને પોતે સૂક્ષ્મ સાથી બનીને એને કૃપાપાત્ર બનાવી દે છે.

વ્હાલાની વાટમાં આવી અનુભૂતિ સહજ રીતે થાય છે. પવિત્ર પ્રેમનો પ્રસાદ પ્રભુના પંથે પ્રયાણ કરનારને મળતો રહે છે.

* * *

# ૧૮. પ્રભુપંથે

પ્રભુપંથે પાગલ બનતા જે,
કૃતકૃત્ય જિન્દગી કરતા તે.

કમી હોય કશાની ના એને,
લક્ષ્મી સેવામાં સાથ રહે;
અનુકૂળતા એને અર્ઘ્ય ધરે,
માનની મહેફિલમાં રોજ રમે ... પ્રભુપંથે.

પ્રભુ પોતે પાગલ બનતા ફરે,
એની પાછળ પાછળ પગલાં ભરે;
એને ચરણે રંક ને રાય નમે,
પુષ્પોની માળ સપ્રેમ ધરે ... પ્રભુપંથે.

ઝૂકે જીવન નીરખનારા,
ધન્ય બને દર્શન કરનારા;
એનું જીવન પ્રેરણા સૌને ધરે,
એનો આશ્રય લેતાં સર્વ તરે ... પ્રભુપંથે.

* * *

## ૧૮. રચના સમયના મનોભાવો

પ્રભુનો પંથ તો નિરાળો છે. કોઈક જ એ માર્ગે વળે છે અને જે એ પંથે ઝુકાવે છે તે ધન્ય બની જાય છે.

શરૂઆતમાં કદાચ દુન્યવી સુખસંપત્તિનો અભાવ પણ અનુભવવા મળે, પણ જેમ જેમ પ્રભુપંથે પ્રામાણિક પ્રયત્નો શરૂ થાય તેમ તેમ પ્રભુ જ બધી સંભાળ રાખવા માંડે છે. પછી તો પ્રભુ તેને સર્વપ્રકારે ધન્ય કરી દે છે. મધમાખીએ તૈયાર કરેલો મધપૂડો સૌ કોઈના આકર્ષણનું કેન્દ્ર બને છે. પ્રભુ પોતે જ પોતાના પ્યારા ભક્તની પાછળ પાગલ બને છે.

સાચા પ્રભુભક્તનું જીવન પણ પ્રેરણાદાયી હોય છે. એથી પણ આગળ જોઈ શકીએ છીએ કે એવા ભક્તના શરણથી પણ સૌ તરી જાય છે.

પૂજ્ય શ્રી યોગેશ્વરજી પ્રભુના પ્યારા ભક્ત છે. પ્રભુની પાછળ પાગલ બનનારા ભક્તના જીવનની વાસ્તવિકતા આ પદમાં નિરૂપાઈ છે. પૂજ્ય શ્રી યોગેશ્વરજીના જીવનમાં એવી વાસ્તવિકતાનું દર્શન કરવાનું સદભાગ્ય મળ્યું એ સદભાગ્યને આ પદમાં વ્યક્ત કરવાની તક મળી.

* * *

## ૧૯. શણગાર

મારો વ્હાલો આવ્યો દ્વાર,
મેં તો સોળે સજ્યા શણગાર.

મારી ચળકે છે ચૂડી આજ,
મારા વ્હાલાને વરવા કાજ ... મારો.

શ્રદ્ધા કેરું કુમકુમ સોહે,
ને સ્નેહ તણું સિન્દુર ... મારો.

પાવિત્ર્યનું પાનેતર પહેર્યું,
પ્રાણમાં પ્રેમનું પૂર ... મારો.

અંતર રંગાયું રાગ થકી,
ને તપનું તેજ ભર્યું ... મારો.

વ્હાલની વેણુ વાગી રહી છે,
સાકાર ત્યાં સ્વર્ગ થયું ... મારો.

* * *

## ૧૯. રચના સમયના મનોભાવો

પ્રીતમરૂપે પ્રભુને પામવા હોય તો કેવા શણગારથી સાધકે સજ્જ થવું જોઈએ ? સ્થૂળ દુન્યવી શણગારોની ત્યાં આવશ્યકતા નથી. ત્યાં તો અલૌકિક સૂક્ષ્મ શણગાર સજીને સાધક સજ્જ થાય અને એ સજ્જ થયેલા સાધકના જીવનદ્વારે પ્રભુ પોતે આવીને ઊભા રહે.

શ્રદ્ધા, સ્નેહ, પવિત્રતા, પ્રભુનો અનુરાગ અને તપનું તેજ સાધના ક્ષેત્રે પ્રગટે તો પ્રભુની પુનિત પધરામણી થાય જ; સાથે સાથે સ્વર્ગની સૃષ્ટિનુંય સર્જન થાય.

સાધનાક્ષેત્રે જે શણગાર સજાયા તેનું વર્ણન આ પદમાં જોવા મળે છે.

* * *

# ૨૦. કૃપાની વાદળી

ગુરુકૃપાની વરસી રે વાદળી,
સ્નાન કરીને ધન્ય બની.

અણધારી ઓચિંતી જીવનમાં આવી,
સૂના જીવનને સજાવી રહી ... ગુરુ.

તપ્ત જીવનને શીતળતા દીધી,
જિન્દગી જેણે ઉગારી લીધી ... ગુરુ.

વિરોધ કેરા વંટોળ માંહી,
બુઝાતા દીપમાં જ્યોતિ ધરી ... ગુરુ.

નિરાશ જીવનમાં આશા ધરીને,
નિશ્ચિંતતાથી જિન્દગી ભરી ... ગુરુ.

* * *

## ૨૦. રચના સમયના મનોભાવો

સંસારના ત્રિતાપથી ત્રાસી ઊઠેલા સાધકના જીવનમાં અચાનક સાચા સદગુરુનો પ્રવેશ થાય તો એ પ્રવેશની સાથે સાથે કૃપાની પવિત્ર વાદળી પણ વરસવા લાગે છે. સાધકની તપ્ત જીવનધરતી ઉપર ધીરે ધીરે શીતળ શાંતિનાં અમીછાંટણાં છંટાવા માંડે છે.

જીવનમાં ગુરુની કૃપાપ્રસાદી મળી જાય તો સાધક સંસારની વચ્ચે પણ શાંતિથી, નવા ઉત્સાહ સાથે, નવી પ્રેરણા સાથે, નવી આશા સાથે, ઊભો રહીને પોતાની સાધનાને અવિરતપણે ચાલુ રાખી શકે છે.

ગુરુની કૃપા સાધકના જીવનમાં કેવી અલૌકિક સૃષ્ટિ સર્જે છે. તેનો ચિતાર આ પદમાં જોવા મળશે. સાધક ગુરુકૃપાની વર્ષામાં સ્નાન કરીને ધન્ય બની જાય છે, નિશ્ચિંત બની જાય છે. એ હકીકતનો અનુભવ ગુરુકૃપાએ અનુભવવા મળ્યો, જે આ પદમાં વ્યક્ત થયો છે.

* * *

## ૨૧. જીવન સજાવ્યું

જીવન સજાવ્યું છે સોળે શણગાર;
કરુણાની કેવી વરસી રસધાર !

જીવન-ઘડતરના પાઠ શીખવી,
સંસ્કારી કુળની લ્હાણ ધરી,
કૃપા એવી તેં કીધી અપાર ... કરુણાની.

સાધન-ભજનમાં રસ ભરી,
જીવનસરિતા એ રીતે સરી,
એવી વરસાવી કૃપા તણી ધાર ... કરુણાની.

સર્વ બંધનને ક્ષણમાં તોડી,
સંતોની સાથે પ્રીત જોડી,
કૃપા એવી તેં કીધી અપાર ... કરુણાની.

સાચા સંતની છાંય ધરી,
કૃતકૃત્ય ધન્ય આજ કરી,
એવી વરસાવી કૃપા તણી ધાર ... કરુણાની.

* * *

## ૨૧. રચના સમયના મનોભાવો

જીવન પ્રભુને અર્પણ થતાં પહેલા કેવા શણગાર સજે ? પ્રભુની જ પરમકૃપા વરસે તો જ પ્રભુને અર્પણ થવાની ઈચ્છા પણ જાગે.

પ્રભુની કૃપાથી મને પણ સંસ્કારી કુટુંબમાં જન્મ લેવાનું સદભાગ્ય મળ્યું, જ્યાં નાનપણથી જ પ્રાર્થનાના પવિત્ર સંસ્કારો પ્રાપ્ત થયા. પ્રભુમાર્ગે આગળ વધવા કોઈ પણ જાતના વિરોધો ના નડ્યા. એ કુળમાં જીવનનું સાચું ઘડતર થયું અને એ રીતે પ્રભુમય જીવન સજાવવાનું એક મહત્વનું સાધન મળી ગયું.

જીવનપ્રવાહને પ્રભુએ કૃપા કરી પોતાના તરફ વાળ્યો. એ માર્ગે જરૂરી સાધનભજન પણ કરાવ્યાં.

અચાનક સર્વ બંધનોને પ્રભુએ મારા પોકારને લક્ષમાં લઈને તોડી નાખ્યાં, અને જાણે પ્રથમથી પ્રભુની મંગલમયી યોજનાના જ એક પવિત્ર ભાગરૂપે હોય તેમ સાચા સંતપુરુષનું સાનિધ્ય મળ્યું. પછી તો જે થવાનું હતું તે જ થયું. સંતની છત્રછાયા હેઠળ જીવન ધન્ય બની ગયું.

જીવનનો શણગાર શી રીતે પ્રભુએ સજ્યો તે આ પદમાં વાંચવાથી સમજાશે.

* * *

## ૨૨. હરિ! તમે

હરિ! તમે હળવો કરો મારો ભાર.

અવનવી અગણિત આવે ઉપાધિ,
કરી દો મુજને પાર.
તપ્ત થયેલી ધરા પુકારે,
વરસો વર્ષાની ધાર ... હરિ! તમે.

ચિંતા-ક્લેશને દૂર કરી દો,
જીવનના આધાર!
તન-મન-અંતર વિમલ કરી દો,
જીવનના હે સાર! ... હરિ! તમે.

સરળતાથી પંથ કપાયે,
દોડી આવું દરબાર ..
વિના વિલંબે સ્વીકારી લોને,
કેમ લગાડો વાર? ... હરિ! તમે.

* * *

## ૨૨. રચના સમયના મનોભાવો

જ્યારે જ્યારે જીવનમાં વિપત્તિનાં વાદળો વરસે, પ્રતિકૂળ પરિસ્થિતિનું સર્જન થાય, ચિંતાથી ચિત્ત ચગડોળે ચઢી જાય ત્યારે ત્યારે સ્વજનો, મિત્રો કે વડીલોને પોકારવાને બદલે પ્રભુને જ અંતરના અંતરતમથી પ્રાર્થના કરીએ તો પ્રભુ જરૂર સાંભળશે એવા વિશ્વાસ સાથે થયેલી પ્રાર્થના કદી પણ નિષ્ફળ જતી નથી.

સાધનાક્ષેત્રે કે સાંસારિક યા સામાજિક ક્ષેત્રે અનેકવિધ ઉપાધિઓમાંથી પણ, હે પ્રભુ ! તમે જ પાર ઉતારવાને શક્તિમાન છો. તો, હે પ્રભુ ! કૃપાની વર્ષા કરોને.

જીવનને પરમપવિત્ર બનાવીને જીવનપંથને સરળ કરી દો, જેથી કોઈ બાહ્ય કે આંતરિક અવરોધો આડે ના આવે. હે પ્રભુ ! તમારા દરબારે સહજ રીતે દોડી જવાય અને તમે તરત જ સ્વીકારી લો એવી કંઈક કૃપા વરસાવી દો.

શ્રીહરિનાં શ્રીચરણે થયેલી આ પ્રાર્થના પ્રભુએ સાંભળી હતી. તેથી આ પ્રાર્થના મારે મન વિશેષ મહત્વની છે. જે પોકારશે તેને પણ આ પ્રાર્થનાથી શાંતિ મળશે જ.

* * *

# ૨૩. સાધના-પંથે

એકલી અટુલી સાધના-પંથે,
પગલાં ભરતી ધૈર્ય ધરી;
ગુરુ બનીને મારગમાં ભેટ્યા,
યોગેશ્વરરૂપે કૃષ્ણ અહીં ... એકલી અટુલી.

તનમનથી મને ધન્ય બનાવી,
કૃતકૃત્ય કીધી જિન્દગી નવી;
મીઠી મધુરી શીતળ છાંયા,
પામીને કાયા ધન્ય બની ... એકલી અટુલી.

જિન્દગી સમર્પી શ્રીગુરુચરણે,
સ્વજનોની મૂકી માયા બધી;
બંધુ ને બેનડી આડે ના આવ્યાં,
સ્વજનોએ સાથ ધર્યો જીવનમહીં ... એકલી અટુલી.

પિતા પડખે ઊભા પ્રેરણા દેતા,
માતાએ આશિષ મૂક ધરી;
આરાધ્યદેવની લીલા અનોખી,
મંગલ લાગી મને સઘળી મહી ... એકલી અટુલી.

* * *

## ૨૩. રચના સમયના મનોભાવો

સાધનાનો પંથ સ્ત્રીસમાજ માટે એટલો બધો સરળ નથી હોતો કે તેની પરના પ્રયાણને માતાપિતા કે સ્વજનો તરત જ હસતે મુખે વધાવી લે.

પ્રથમ તો એ માર્ગે હિંમતભેર એકલા જ ચાલવું પડે છે. ગુરુની કૃપા મળે પછી એ માર્ગ શીતળ છાયાસમો બની જાય છે. સ્વજનો પ્રત્યેના સ્નેહનું સંપૂર્ણ સમર્પણ સાધના ક્ષેત્રે કરી શકાય તો જીવન કૃતકૃત્ય બની જાય. માતાપિતાનો સહકાર મળે કે ના મળે તો પણ એ માર્ગે મક્કમ મનથી પગલાં ભરાય તો સાધકને માટે મહીમંડળ મંગલમય બની જાય.

મારી સાધનામાં કોઈ વ્યક્તિવિશેષે વિરોધનો સૂર નોંધાવ્યો નથી. કોઈકે એવો સૂર કાઢયો હશે તો તે સંભળાયો નથી. પિતાજીએ એ માર્ગ સારો નથી એવું તો કહ્યું જ નથી. માતાએ પોતાના સ્વભાવ મુજબ મૂક રહીને જ આશિષ વરસાવી એમ હું માનું છું. તો બીજા સ્વજનો પણ આડે ના આવ્યા. પરંતુ શ્રી ઈશ્વરભાઈ જેવા નિકટના સ્વજનોએ તો સમજપૂર્વકનો સહકાર આપી જનસમાજને પણ સુયોગ્ય સમજ પૂરી પાડી. પ્રભુકૃપાએ સર્વપ્રકારે અનુકૂળતા મળી ગઈ અને સાધનાપંથે સ્ત્રી શરીર છતાં પ્રયાણ થઈ શક્યું.

સાધનાપંથે શું મળ્યું તે આ પદમાં જોવા મળે છે.

* * *

# ૨૪. નંદદુલારા

દૈવી દર્શન મેં કીધાં રે ... નંદદુલારા.

સંસારની છોડી માયા,
સ્વીકારી તારી છાંયા;
કૃતકૃત્ય બનાવી કાયા રે ... નંદદુલારા.

ગોકુળમાં ધૂન મચાવે,
ગોપીને રાસ રમાડે;
મારા મંદિરે મુરલી વગાડે રે ... નંદદુલારા.

મને સુમધુર કથા કહે છે,
મારો અંતરભાર વહે છે;
ભય-ચિંતા-ક્લેશ દહે છે રે ... નંદદુલારા.

* * *


## ૨૪. રચના સમયના મનોભાવો

સાધનાપંથે સાધક આગળ વધે છે ત્યારે કોઈકવાર દૈવી અનુભવો પણ થતા હોય છે.

સ્વજનોની માયા છોડીને પ્રભુની છાયા શોધવાના પ્રયત્નો થયા તો અનુભવે સમજાયું કે જે દૈવી દર્શન આપે છે તે જ મનમંદિરે પણ બિરાજે છે. તે જ દૈવી સ્વરૂપે ભય ને ચિંતાથી રક્ષે છે. સર્વ સ્વરૂપે તેનું જ દર્શન સહજ બની જાય છે.

દૈવી દર્શનનો અનુભવાત્મક આનંદ આ પદમાં વ્યક્ત થયો છે.

દૈવી દર્શનની સાથે સાથે તે સ્વરૂપની હાજરી અન્યત્ર પણ અનુભવી શકાય છે.



* * *

# ૨૫. કૃપાનિધિ

હું તો આવી રહી તારે દ્વાર,
ઓ કૃપાનિધિ! માર કે તાર.

તેં બોલાવી તો દોડી આવી,
સાંભળ મારી વાત;
રખે મને તું અળગી કરતો,
પકડજે મારો હાથ ... હું તો.

તલસાવી મને તડપાવી વળી,
મારીશ ના કદી લાત;
વ્હાલ કરીને સ્વીકારી લેજે,
રાખજે મારી લાજ ... હું તો.

પ્રેમની પાવન પગદંડી પર,
પ્રેમે કરું છું પ્રયાણ;
જોજે નિરાશા થાય મને ના,
રક્ષજે મારો પ્રાણ ... હું તો.

* * *

## ૨૫. રચના સમયના મનોભાવો

તા. ૯-૧૧-૧૯૭૯ ના રોજ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના ફક્ત બે દિવસના સત્સંગ માટે સુરતથી અમદાવાદ જવા નીકળી ત્યારે માર્ગમાં આ પદ લખાયું.

વારંવાર બે, પાંચ, સાત દિવસના સુખદ સંતસમાગમ પછી શાળામાં સેવા માટે જવું જ પડે એ પ્રવૃત્તિ સાધનામાં વિક્ષેપરૂપ લાગતી હતી.

તેથી જ આ પદમાં અંતઃકરણથી વિનંતિ થઈ કે આ વખતે પણ તમારા આમંત્રણથી આવી રહી છું, તો હવે કૃપા કરીને મને અળગી ના કરશો, નિરાશ ના કરશો. હે પ્રભુ ! મારી સાધનામાં હવે મને તડપાવવાનું બંધ કરી દો. મને તમારી છત્રછાયામાં સ્વીકારી લો. અને સાચા અંતઃકરણથી થયેલો એ પોકાર પ્રભુ સાંભળ્યા વિના રહે ખરા?

થોડા જ દિવસોમાં, એટલે કે ૧૫ નવેમ્બર પછી, શાળાના સ્થૂળ બંધનનો પ્રભુકૃપાએ પરિત્યાગ થયો અને સદાને માટે સમર્થ સંતની શીતળ છાયામાં પરમ વિશ્રામ પામવાનું સદભાગ્ય મળી ગયું.

સંતના-પ્રભુના સાન્નિધ્યે જવા જીવ તલસે ત્યારે તેના મન-અંતરમાં જે ભાવો જાગે છે તે આ પદમાં વ્યક્ત થયા છે.

* * *

# ૨૬. ગુરુની બંસી

ગુરુ ગોપાલ પ્રભુ બંસી બજાવે;
આવ્યાં સાંભળવા નર ને નાર.

અલકાપુરીના ધીરજ બાગમાં,
અલખની ધૂન જગાવે છે આજ ... ગુરુ.

પ્રાણ પ્રસન્ન બને, ચિતડું ચિંતન કરે,
મુખડું કીર્તન કરે આજે અહીં ... ગુરુ.

શાંતિ સંતોષ ને પ્રેમના પુષ્પે,
ધીરજ બાગ સજે અવનવા સાજ ... ગુરુ.

શ્રદ્ધાભક્તિથી ભેગાં મળે સૌ,
જીવનની ધન્યતાને પામવા કાજ ... ગુરુ.

પ્રગટ પ્રભુની પ્રેમ-પ્રસાદી,
પામીને પ્રેમના સરવરમાં ન્હાય ... ગુરુ.

* * *

## ૨૬. રચના સમયના મનોભાવો

ગુરુ સાધકના જીવનમાં જ્યારે આરાધ્યદેવ બનીને આવે છે ત્યારે તે સાધકને પોતાના ગુરુદેવમાં પ્રત્યક્ષ પ્રભુનાં જ દર્શન થાય છે. જાણે શ્રીકૃષ્ણ પોતે ગુરુના સ્વરૂપે આવીને જ્ઞાનની બંસી વગાડીને સૌ કોઈને પ્રસન્નતા ધરે છે.

જીવનની ધન્યતા એવા સદગુરુના શ્રીચરણોમાં અનુભવવા મળે છે. પ્રભુના પ્રગટ સ્વરૂપને અને તેના જ્ઞાન તથા પ્રેમની પ્રસાદી પામીને સૌ કોઈ પવિત્ર પરમપ્રેમના સરોવરમાં સ્નાન કરવા ભેગા થાય છે.

તેઓ સત્સંગનો આનંદ લૂટે છે, શાંતિ-સંતોષ પામે છે. સૌના હૈયે શ્રદ્ધાભક્તિ જોવા મળે છે. શ્રદ્ધાભક્તિથી થતો સદગુરુનો સત્સંગ જીવનને ધન્ય કરશે એવી આશા સાથે સૌ કોઈ આવી મળે છે.

એવા એક સત્સંગના દૃશ્યનું વર્ણન આ પદમાં જોવા મળશે.

* * *

## ૨૭. જીવન-વાટે

તારી આ જીવનવાટે, આવીને આજે બેઠી,
જોજે જરી મુજને ભાવ ભરી ... તારી આ.

શ્રદ્ધા નથી જ્યાં પૂરી, ભક્તિ વ્હાલા ! અધૂરી,
પ્રેમથી મળવા તને આવી જરી ... તારી આ.

તારા મંદિર-દ્વારેથી, કોઈ ગયું ના ખાલી,
એવું જાણીને આવી હેતે, હરિ ! ... તારી આ.

જપ તપ સાધન; કાંઈ નવ જાણું રે,
તોયે પધારજે કરુણા કરી ... તારી આ.

મમતાળુ માત બનીને, છત્ર પિતાનું ધરીને,
સહિયર સરખી મુજને જોજે જરી ... તારી આ.

* * *

## ૨૭. રચના સમયના મનોભાવો

તારી જીવનવાટ એવી કઠિન છે કે એ વાટે કોઈક જ આવે છે. કોઈ એક આવે તે રીતે હું પણ તને મળવા, તને શોધવા, તારા પ્રેમામૃતનું પાન કરવા આજે નવી જીવનવાટે આવીને બેઠી છું.

તો, હે પ્રભુ ! તું કૃપા કરીને મારા ઉપર એક ભાવભર્યો દૃષ્ટિપાત તો કર. તું તો જાણે જ છે કે મારામાં કોઈ યોગ્યતા નથી. પ્રભુપંથનાં કોઈ લક્ષણો પણ નથી. ફક્ત તારે માટે મારા દિલમાં પવિત્ર પ્રેમ પ્રગટયા કરે છે. એથી જ તને મળવા હું ઉત્સુક બનીને બેઠી છું

તારા ભક્તોના જીવન જાણ્યાં છે. એ ઉપરથી એવું માનું છું કે તેં કોઈને પણ નિરાશ કર્યા નથી. તું કંઈક ને કંઈક આપતો જ રહ્યો છે. મારે તો તારી એક મધુર ભાવભરી દૃષ્ટિ જ બસ થઈ પડશે.

તું તો કરુણાસાગર છે. તો મારી એ માંગણીને સ્વીકારજે. માત, તાત, સહિયર બનીને, હે પ્રભુ ! તું મને અપનાવી લેજે - એ જ પ્રાર્થના છે.

પ્રભુને આ રીતે વારંવાર વિનંતિ થતી રહી. તે વિનંતિના પડઘા આ પદમાં જોવા મળે છે.

* * *

# ૨૮. વંદન

વંદન વ્હાલા શ્રીપ્રભુ ચરણે,
આવ્યાં બાળ તમારે શરણે.

તનમન સ્વસ્થ પ્રસન્ન કરી દો,
આશીર્વાદ અમોઘ ધરી દો ... વંદન.

નામસ્મરણમાં ચિત્ત લગાડો,
પ્રભુપ્રેમની મસ્તી જગાડો ... વંદન.

મમતા મૂળ ક્લેશ કૈં કાપો,
પવિત્રતા ને સ્થિરતા આપો ... વંદન.

પૂર્ણ મુક્ત ને શાંત બનાવો,
સંપૂર્ણ ધરો જીવન-લ્હાવો ... વંદન.

* * *

## ૨૮. રચના સમયના મનોભાવો

બાળક બનીને પ્રભુનાં શ્રીચરણે જઈએ તો પ્રભુ પરમપિતા બનીને આપણી પ્રાર્થનાને સાંભળે છે. બાળક પ્રભુ પાસે શું માગે એનું વર્ણન આ પદમાં કરવામાં આવ્યું છે.

એમાં જીવનના પરમ કલ્યાણ માટેની સૂક્ષ્મ માંગણી કરવામાં આવી છે.

પ્રભુની ભક્તિ કરવા તનમનની સ્વસ્થતા પણ જરૂરી છે. સ્વસ્થ તનમનથી થતી પ્રાર્થના જલદી સંભળાય, એથી જ પ્રથમ તનમનની સ્વસ્થતાને પ્રભુ પાસે માંગી લેવી.

પ્રભુના નામની મસ્તી જીવનમાં જાગી જાય, વળી મમત્વનાં સર્વ મૂળિયાં કપાઈ જાય, પ્રભુ માટે પરમપવિત્ર બની શકાય, એવી યોગ્યતાની યાચના કરાઈ છે. જીવન પૂર્ણ બની જાય, પરમશાંતિ પ્રાપ્ત થઈ જાય, જીવન ધન્ય બની જાય....એવી પ્રાર્થના થતી રહી.

* * *

## ૨૯. રાધાના શ્યામ

રાધાના શ્યામ ! તારી પાસે હું માગું,
જીવન મારું ધન્ય કરું .

જપ-તપ-સાધન થાય નિરંતર,
ભૂલું કદીયે તુજને નહીં;
સંસારમધ્યે સાર ગ્રહીને,
કાર્ય મહારું સાર્થક કરું ... રાધાના.

સૃષ્ટિ સકળ ના સન્માને છોને,
પ્રભુપ્રેમે મસ્તી માણું ખરી;
અંતરમાં આનંદ ધારી શકું હું,
એવી અડગતા હૈયે ધરું ... રાધાના.

દુનિયાની આશ તજી તારા મંદિરિયે,
પગલાં ભરાવજે ભાવ ભરી;
સાચો સખા છે જીવનનો મારો,
અનૂભૂતિ એવી ઉરમાં ભરું ... રાધાના.

* * *

## ૨૯. રચના સમયના મનોભાવો

ભગવાન શ્રીકૃષ્ણ પાસે કોઈ સ્થૂળ સુખોપભોગનાં સાધનો નથી માંગવાનાં. પ્રભુ પોતે આપવા માટે પ્રસન્ન થાય એવી માંગણી જ પ્રભુને ગમે.

માનવશરીર મળ્યું તો પ્રભુભજન નિરંતર થાય અને એમાં સંસારનાં કામકાજ વચ્ચે પ્રભુનું વિસ્મરણ ના થાય એ જરૂરી છે. સંસારના જે બનાવો બને તેમને તટસ્થભાવે જોઈને, સારતત્ત્વને સ્વીકારીને, સાધના ક્ષેત્રે આગળ વળી શકાય એવું, હે પ્રભુ ! તું આપજે.

દુનિયા માન આપે કે અપમાનિત કરે, પણ તારા પવિત્ર પ્રેમમાં જ નિશદિન મસ્તી માણીએ. આ સારું જીવન આનંદમય બનાવજે.

તું જ મારો સાચો સ્વજન છે એવું દિલમાં દૃઢ કરાવીને તારી જ આશા રાખું, એવો ભાવ જગાડજે.

જીવનને ધન્ય બનાવવા માટે પ્રભુ પાસે એવી માંગણી થઈ.

* * *

# ૩૦. શ્યામને નિમંત્રણ

વ્હાલા રાધાના શ્યામ !
તું આવ જરી.

કંઈ વરસોથી પ્રતીક્ષા કરું,
ધીરજ વિશેષ કેમ ધરું ? ... વ્હાલા.

તલસાવે મને તડપાવે વળી,
માંડી રમત તેં એવી અહીં ... વ્હાલા.

છોડી મુજને સંતાયો ક્યાં ?
કહે તો દોડી આવું હું ત્યાં ... વ્હાલા.

આવ અહીં તો સ્વર્ગ રચીશું,
સુખદુઃખમાં સાથે રહીશું ... વ્હાલા.

* * *

## ૩૦. રચના સમયના મનોભાવો

જીવનમાં ઘણીવાર વણનોતર્યા માનવો આવી મળે છે, જેને ઈચ્છીએ છીએ તે કરતાં જુદી જ વ્યક્તિઓના સમાગમો થાય છે. તેવી ક્ષણોમાં પણ અંતર તો રાધાના શ્યામને જ ઝંખે છે.

વરસો વહી ગયાં પ્રભુની પ્રતીક્ષામાં, હવે તો ધીરજ પણ ખૂટવા લાગી છે. ઘણી રાહ જોવડાવી. મન-અંતરે ઘણો તલસાટ વેઠ્યો. હવે એવી કસોટીની રમતોને છોડીને, હે પ્રભુ ! અહીં દોડી આવ.

જન્મ પહેલાં તો તું મારી સાથે હતો. જન્મ સાથે જ તું મને છોડીને ક્યાં ચાલ્યો ગયો ? તું કેમ દેખાતો નથી ? કૃપા કરીને મને શોધી કાઢ ને અહીં આવ, અથવા તો તું મને તારી પાસે બોલાવી લે.

તું જો મારી સાથે રહે તો જીવન સ્વર્ગસમું બની જશે.

* * *

## ૩૧. પ્રાર્થના

તારે શરણે આજ આવી, છાંયડી શીતળ ધરી દે.

તજી તારે કાજ મેં આ જગતની જંજાળ સઘળી;
જીવનભરની પ્રાર્થના ને પ્રતીક્ષા પૂરી કરી દે ... તારે.

ભૂલ થાયે કદી જો કોઈ માફ કરજે માત મારી;
વ્હાલની વર્ષા કરીને તાપ તીખા સૌ હરી લે ... તારે.

ઠોકરો વાગે ભલે મન ડરે તેમ ડગે નહીં;
વિરોધો વિપરીતતામાં સાથ મારી તું ફરી લે ... તારે.

રથ સદા હંકારજે મુજ પૂર્ણતાના પથ ઉપર;
સૂક્ષ્મરૂપે રક્ષતાં શ્રદ્ધા તથા ભક્તિ ભરી દે ... તારે.

મંત્રજપમાં મન લગાડી પ્રાણ પૂરી પ્રાર્થનામાં;
કરીને એકાગ્ર ધ્યાને દિવ્યદર્શનને દઈ દે ... તારે.

* * *

# ૩૧. રચના સમયના મનોભાવો

ભક્ત ભગવાનને શરણાગતભાવે પ્રાર્થે છે. ભગવાન માટે ભક્ત જગજંજાળને છોડે છે. અંતરે એક જ પ્રાર્થના રહે છે કે ભગવાન મળે.

ભક્ત શ્રદ્ધાભક્તિથી ભગવાનને વિનવતો હોય ત્યારે પણ કોઈ અવિનય-અવિવેક થઈ જાય તો ભગવાન માતા બનીને એ અપરાધોને ક્ષમા કરે એવી અપેક્ષા ભક્ત રાખે છે. મા તો બાળકના અપરાધોને ભૂલીને બાળકના સર્વ તાપોને હરી લે છે. માતાના વ્હાલમાં એવું દૈવી તત્ત્વ હોય છે. એ જ માના સ્વરૂપે ભગવાન પણ વ્હાલ કરે એવું ભક્ત ઈચ્છે છે.

પ્રભુપંથે આઘાતો આવે, વિરોધો આવે ત્યારે પણ મનને સ્થિર રાખવાનું ભક્ત પ્રાર્થે છે. જીવનરથ તારા પૂર્ણ પ્રદેશ તરફ જ આગળ વધે ત્યારે સૂક્ષ્મ રીતે રક્ષા કરજે, પ્રભુ !

અંતે, મંત્રજપની સાધનાને પૂર્ણ કરી પ્રભુનાં દિવ્ય-અલૌકિક દર્શનનું દાન મળી જાય એવી માંગણી ભક્ત ભગવાનને કરતો રહે છે.

* * *

# ૩૨. કૃષ્ણ કામણગારા

કૃષ્ણ કામણગારા! આવો,
સાથે રાધારાણીને લાવો,
મીઠી મનહર મુરલી વગાડો,
ઘોર નિંદરમાંથી જગાડો ... કૃષ્ણ.

પ્રભુપ્રેમમાં મસ્ત બનાવો,
પ્રેમામૃતનું પાન કરાવો;
મારું દિલડું સદાયે ઝંખે,
એને વિરહ વેદના ડંખે ... કૃષ્ણ.

પ્રેમચુંદડી પહેરીને આજે
દ્વાર ઊભી તમારે કાજે,
પ્રેમપોકાર સુણી પધારો,
મારી શ્રદ્ધાભક્તિને વધારો ... કૃષ્ણ.

પૂજું પ્રેમના પુષ્પે તમને,
સ્વીકારી લેજો સ્નેહે અમને;
અમ જીવનને સજાવો,
પાવો પૂર્ણતા કેરો બજાવો ... કૃષ્ણ.

* * *


## ૩૨. રચના સમયના મનોભાવો

ભગવાન શ્રીકૃષ્ણની પ્રતીક્ષા વર્ણવતું આ પદ છે.

અજ્ઞાન-નિંદ્રામાંથી પ્રભુ પોતાના જ્ઞાનના મધુરા બંસીવાદનથી જગાડે અને પ્રભુપ્રેમમાં જ મસ્ત બનાવે એવી અપેક્ષા રાખવામાં આવી છે.

અંતર તો એના પ્રિયતમ પ્રભુની જ પ્રતીક્ષા કરી રહ્યું છે. વિરહની વેદનાથી તે વલોવાઈ રહ્યું છે. એ ભૂમિકાને ધ્યાનમાં રાખીને શ્રીકૃષ્ણ રાધાજી સાથે પધારે એ જરૂરી છે.

શ્રીકૃષ્ણના સ્વાગત માટે પ્રભુપ્રેમની પવિત્ર ચુંદડીનો શણગાર સજ્યો છે. પ્રેમના પોકાર જરૂર સંભળાશે. પ્રેમનાં પુષ્પોથી જ આપનું પૂજન કરીશ, તો પ્રેમથી સ્વીકારજે, જીવનને પૂર્ણ બનાવજે - એવી વિનંતિ અહીં કરવામાં આવી છે.



* * *

## ૩૩. વંદના

આવ્યાં આંગણે, આવ્યાં આંગણે.

નામસ્મરણની સાધના કરતાં, ગુરુ ગોપાલની સાથે અમે;
પ્રભુપંથનાં પગલાંને, સંપૂર્ણ બનાવી સ્વીકારો તમે,
વંદના વ્હાલથી ... આવ્યાં.

પ્રેમે પકડજો હાથ અમારો, શરણાગત-સ્વામી પ્રભુ હે !
વિલંબ ના કદી શોભે તમને, ભીડ ભક્તની ભાંગો હવે,
ભાવથી ભેટજો ... આવ્યાં.

પ્રેમ-પીતાંબર પહેરી પધારો, પ્રેમ-ચુંદડી પહેરી અમે,
મીઠા મધુરા સ્નેહલ સાદે, બોલાવી દો, શાંતિ મળે,
નમન હો નેહનાં ... આવ્યા.

આશા-ઉમંગ સાથ સ્નેહથી, આવ્યાં પવિત્ર આંગણિયે,
દાન દિવ્યદર્શનનું આપો, આજ દયાના સાગર હે !
દુઃખ હરો દીનનાં ... આવ્યા.

* * *

## ૩૩. રચના સમયના મનોભાવો

શિષ્યોનું વૃંદ, ભક્તોનું મંડળ નામજપ કરતું કરતું પોતાના ગુરુદેવની સાથે પ્રભુને મળવા જઈ રહ્યું છે. તે ભક્તોના અંતરની ભાવના આ પદમાં વ્યક્ત થઈ છે.

પ્રથમ તો પ્રભુપંથને પૂર્ણ કરીને સ્વીકારી લેવાની વિનંતી થાય છે.

ભક્તોનો હાથ શરણાગતવત્સલ શ્રીપ્રભુ વિના વિલંબે પકડશે અને ભક્તોની ભાવનાને પૂર્ણ કરશે. ભગવાન પ્રેમનું પીતાબંર પહેરીને ભક્તોને અપનાવશે, કારણ કે ભક્તોએ પ્રભુપ્રેમની જ ચુંદડી ઓઢી છે.

આશા ને ઉમંગ સાથે ભક્તવૃંદ આવ્યું છે તો, હે પ્રભુ ! તેને તમારા દિવ્યદર્શનનું દાન આપો. આપ તો દયાના સાગર છો, તો અમારું જે દુઃખ છે તેને હરી લો - એવી પ્રાર્થના આ પદમાં થઈ છે.



* * *

# ૩૪. ફૂલડું

વનવગડા કેરી વાટમાં,
વડલાની છાંયડી માંહ્ય રે, ફૂલડું ધૂળે ભર્યું...
માળી બની પ્રભુ આવશે,
એવી ફૂલડું જોતું વાટ રે ફૂલડું ધૂળે ભર્યું...
પ્રવાસીઓ જતા આવતા,
અવગણતા દિન ને રાત રે, ફૂલડું ધૂળે ભર્યું...
કંઈક વરસો પછી વિચર્યા,
યોગેશ્વર વનની વાટ રે, ફૂલડું ધૂળે ભર્યું...
દૈવીદૃષ્ટિથી નિહાળી લીધું
એની ઓળખી સૌરભ તમામ રે, ફૂલડું ધૂળે ભર્યું...
પાસે આવી એને ઊંચક્યું,
અપનાવ્યું આદર સાથ રે, ફૂલડું ધૂળે ભર્યું...
જનમ-જનમના કૈં કાટને,
કર્યા પારસ-સ્પર્શે સાફ રે, ફૂલડું ધન્ય બન્યું...
અર્પી નિર્મળતા ફૂલને,
પહોંચાડ્યું મંદિર-દ્વાર રે, ફૂલડું ધન્ય બન્યું...
ક્યાં હતું, ક્યાં ચઢી ચૂકયું !
એવી સંતકૃપા અપાર રે, ફૂલડું ધન્ય બન્યું...
કરમાતાં પહેલાં ધન્ય બન્યાં
સર્વેશ્વરી ગુરુપ્રતાપ રે, ફૂલડું ધન્ય બન્યું...

* * *

## ૩૪. રચના સમયના મનોભાવો

આ જીવન જન્માંતરના કાટ ખાતું, ધૂળે ભરેલું, સંસારવનમાં જીવાતું હતું. એ જીવનરૂપી ધૂળભરેલા ફૂલડાની કથા આ પદમાં છે.

એ જીવનફૂલડું કોઈક સુયોગ્ય માળીની રાહ જોતું હતું. ઘણાં પાત્રો એના જીવનમાં આવી ગયાં, પરંતુ બધાં એ ફૂલને ધૂળે ભરેલું હોવાથી, નકામું માનીને, એની અવગણના કરતાં કરતાં પસાર થઈ ગયાં.

ઘણાં વરસે પૂજ્ય શ્રી યોગેશ્વરજી એ પગદંડી ઉપરથી પસાર થયા અને એમની દિવ્યદૃષ્ટિ ધૂળે ભરેલા ફૂલ ઉપર પડી. એ ફૂલને પાવન સ્પર્શ મળે તો સારું એવી કરુણાથી પ્રેરાઈને શ્રી યોગેશ્વરજીએ એ ફૂલને ઊંચકયું અને એને આદર સાથે અપનાવીને, સ્વચ્છ બનાવી દીધું. પરમ પવિત્ર બનાવીને, એ ફૂલને પ્રભુના પવિત્ર દ્વારે પહોંચાડી દીધું.

ફૂલને મળેલું નવજીવન સદગુરુજીને આભારી હતું. કરમાયેલું, કચડાઈ ગયેલું જીવન પૂજ્ય શ્રી યોગેશ્વરજીના સમાગમે ખીલી ઊઠયું, ઝળકી ઊઠયું, પાવન બની ગયું, ને પ્રભુમય બનીને પ્રભુ ચરણે સ્વીકાર પામી ચૂકયું. સંતકૃપાનો આ અનુભવ આ પદમાં શબ્દસ્થ થયો છે.

* * *

## ૩૫. ઘનશ્યામ

મારા જીવનના એક આધાર ઘનશ્યામ રે,
મારી રક્ષા કરો રાધેશ્યામ રે.

મનડું મારું પ્રસન્ન કરજો, હે પ્રભુ દીનદયાળ !
ક્રોધ ન થાયે, દ્વેષ ન થાયે, માંગું છું સાંજસવાર રે,
રે...તમે દયાતણા ભંડાર રે ... મારા જીવનના.

જીવનમાં નવી આશા ભરજો, હિંમત ધરજો સાથ,
શાંતિ ધરજો, મનને મારા, સ્વસ્થ કરજો નાથ !
રે...કરો સ્મરણ થકી ઉદ્ધાર રે ... મારા જીવનના.

સુખ-દુઃખમાં સંગાથે રહેજો, સ્વજન બનીને સાચા,
શ્રદ્ધાભક્તિ-શક્તિ ભરજો, જીવન જીવવા કાજ રે,
રે...મારી નાવડી કરજો પાર રે ... મારા જીવનના.

પ્રતિકૂળતાના પવનો ચાલે, વિપત્તિના વરસાદ;
તૂટી-ફૂટી જીવન હોડી, પાર કરો, મહારાજ રે !
રે...હવે દૂર કરો અંધાર રે ... મારા જીવનના.

* * *

## ૩૫. રચના સમયના મનોભાવો

રોજબરોજના જીવનમાં, નિત્યનિયમ જેવી પ્રાર્થના દ્વારા પ્રભુ સાથે આ રીતે વાતચીત કરી શકાય.

ઘણીવાર આપણું મન કારણ વિના પણ અપ્રસન્નતાનો અનુભવ કરે છે. વાતવાતમાં ક્રોધ કરી બેસીએ છીએ, ને વળી એકમેકનો દ્વેષ પણ કરવા માંડીએ છીએ ત્યારે એવી અપૂર્ણતામાંથી શ્રીપ્રભુ જ દયા કરીને આપણને બચાવી લે છે.

રોજરોજ નવી નવી આશા ને હિંમત, સ્વસ્થતા ને શાંતિ પણ પ્રભુ આપે તો જીવન જીવવા જેવું લાગે. વળી પ્રભુનો સર્વાવસ્થામાં સંગાથ મળે તો જીવનનાવ સહેલાઈથી પાર ઊતરે.

રોજની પ્રતિકૂળ પરિસ્થિતિની વચ્ચે, વિપત્તિઓની વચ્ચે પણ મન સ્વચ્છ અને સ્વસ્થ રહે એવી કૃપાની યાચના આ પદમાં થઈ છે.

*   *   *

## ૩૬. હરિનું આગમન

મારા જીવનમાં હવે આવ્યા હરિ;
હું તો સહેજે ભવસાગરને તરી.

અશાંતિ ને ચિંતા હડસેલી;
આઠે પ્રહરની આનંદ-હેલી ... મારા.

જન્માંતરની ભ્રમણા ભાગી,
સુરાવલી જ્યાં સુખમય જાગી ... મારા.

વિદાય લીધી પાનખરે હવે,
વસંતનો રસ મધુર પામી ... મારા.

પ્રેમામૃતની પ્યાલી પીધી,
અમરતા જીવનને દીધી ... મારા.

* * *

## ૩૬. રચના સમયના મનોભાવો

સૂના જીવનમાં શ્રીહરિના આગમનથી સુમધુર સુખમય સૂરીલું સંગીત પ્રગટી શક્યું. અશાંતિએ વિદાય લીધી. જન્મોની ભ્રમણા દૂર થઈ ગઈ. જીવનમાં પ્રભુ-પ્રવેશે આનંદ પ્રગટ્યો. પ્રભુના પ્રેમની પ્યાલીનું રસપાન મળ્યું. જીવન ધન્યતાને વર્યું. પ્રભુમય જીવન અમર બની ગયું.

શ્રીહરિનું આગમન જે જીવનમાં થાય તે જીવનમાં કેવા અવનવા ફેરફારો થાય છે તેનું વર્ણન આ પદમાં થયું છે.

જીવનની સાધના પરિપૂર્ણ બની ત્યારે શ્રીહરિનું શુભાગમન શક્ય બન્યું. પ્રભુના આગમનથી નવી આશા, નવી તાજગી, નવી જ જીવનલહર અનુભવવા મળી.

* * *



# ૩૭. ગુરુદેવને

ગુરુદેવ! હું આપને પાય લાગું,
મને દિવ્યદર્શન ધરો એ જ માગું (૨)

તિતિક્ષા સદા શાંતિ-સંતોષ આપો,
કૃપાની સુધા રેલતા, ક્લેશ કાપો ... ગુરુદેવ!

દુઃખોની ઝડી રોજ પડતી ભલેને (૨)
તિરસ્કાર વિદ્વેષ વરસે વળી કે ... ગુરુદેવ!

પરમની પ્રસાદી મળી એમ માનું (૨)
સદા સાધનાપંથ સાનંદ કાપું ... ગુરુદેવ!

પરમ નામની પૂર્ણ મસ્તી વધારી (૨)
ધરો દિવ્યતા દિવ્યરૂપે પધારી ... ગુરુદેવ!

હરી અજ્ઞતા ભક્તિ ઉરમાં જગાડો (૨)
ચપલ ચિત્તને ચારુચરણે લગાડો ... ગુરુદેવ!

* * *

## ૩૭. રચના સમયના મનોભાવો

પ્રભુપંથે કઠોર કસોટીઓ પણ થતી હોય છે. એવી કસોટીની નાજુક પળોમાં પ્રાર્થના જ શાંતિ આપે છે.

પ્રતિકૂળતાને સહન કરવાની શક્તિ આપો. દુઃખોનો દાવાનળ પ્રગટે, આખી દુનિયા તિરસ્કાર વરસાવે ત્યારે પણ, પ્રભુ ! એ તારો પ્રસાદ છે એમ માનીને, હસતે મુખે જીવનપંથે આગળ ને આગળ વધું, એવી જ માંગણી સાચો સાધક પ્રભુને-ગુરુને કરતો રહે છે.

પ્રતિકૂળ વાતાવરણમાં પણ પ્રભુનામમાં મારું હૈયું મસ્તી અનુભવ્યા કરે, સંસારના કોઈ આઘાત-પ્રત્યાઘાતની અસર ના થાય, અને હે પ્રભુ ! તારા જ નામમાં, તારા જ રૂપમાં મગ્ન બની જવાય, એ જ પ્રાર્થના.

જન્મજન્માંતરના મારા અજ્ઞાનને, હે પ્રભુ ! તમે દૂર કરો, ભક્તિભાવ જગાડો, ચિત્તને આપનાં શ્રીચરણોમાં લગાડો, અને અંતે યોગ્ય ભૂમિકા તૈયાર થતાં દિવ્યદર્શનની ભેટ ધરો.

રોજબરોજના જીવનમાં આવતા આઘાતો-પ્રત્યાઘાતો સામે ઝઝૂમવા પ્રભુ પાસે આ રીતે પ્રાર્થના થઈ.

* * *

## ૩૮. સંતનું શરણું

શરણું લીધું સંત! તમારું,
ધન્ય બન્યું છે જીવન અમારું.

માત ને તાત મારા સંત બન્યા,
મમતા ને વાત્સલ્ય એવાં મળ્યાં;
સર્વે સંબંધો એમાં ભળ્યા,
સેવેલાં સ્વપ્નાં પાર પડ્યાં ... શરણું.

પ્રાર્થના સઘળી પૂર્ણ બની,
આનંદ મંગલ આઠે ઘડી;
આધિ-વ્યાધિ-ઉપાધિ ગઈ ટળી,
અખંડ સુખ ને શાંતિ વરી ... શરણું.


* * *

## ૩૮. રચના સમયના મનોભાવો

સંતના શરણે જીવન ધન્ય બન્યું એવો જીવંત પ્રેરક અનુભવ સાધનાક્ષેત્રે થયો ત્યારે આ પદ લખાયું.

જે જે સ્વપ્નો પ્રભુપંથે સેવ્યાં તે તે સ્વપ્નો સાકાર બનીને પૂર્ણ થયાં, એથી આનંદ-આનંદ અનુભવવા મળ્યો. સંસારમાં સર્વ સંબંધોને સંતનાં શ્રી ચરણે ભેળવી દીધા તો પરમસુખ ને પરમશાંતિના સરોવરમાં સ્નાન કરવાનું સદભાગ્ય સાંપડયું. હવે તો અખંડ શાંતિ, અખંડ સુખ, પ્રભુકૃપાએ સાચા સમર્થ સંતના શ્રી ચરણે અનુભવવા મળે છે.

તનમનથી સાચું શરણ લેનારને પ્રભુ કૃતકૃત્ય કરી દે છે, તે આ પદ ઉપરથી જાણી શકાશે.



* * *

## ૩૯. કૃપા

કૃપા કરોને ગુરુ અમારા,
આવ્યાં અમે સૌ શરણ તમારા.

ચિત્તને જોડી ચિંતન કીધું,
સૂક્ષ્મ સ્વરૂપે સૂચન દીધું,
આશિષ માની કર્યું પ્રયાણ,
લગાડી દીધું પ્રવાસે ધ્યાન ... કૃપા કરોને.

છતાં થયું શું રસ્તામાં આવું ?
વિઘ્નનું વાદળ વચ્ચે જ આવ્યું,
તોયે ડગી ના શ્રદ્ધા અમારી,
છાયા તમારી મળી છે ન્યારી... કૃપા કરોને.

વિઘ્નોનાં વાદળ જીવનમાં આવે,
ત્યારે અશ્રદ્ધા જોજો ના ફાવે,
સંકટ ના અમને કોઈ સતાવે,
કૃપા તમારી પંથ બતાવે ... કૃપા કરોને.

* * *

## ૩૯. રચના સમયના મનોભાવો

આ પદ, એકવાર વડોદરાથી અમદાવાદ આવતાં માર્ગમાં લખાયું.

જે નિર્ણય થયો તેમાં પ્રભુના પૂર્ણ આશીર્વાદ હતા તેથી તે પ્રમાણે પ્રયાણ શરૂ થયું. છતાં માર્ગમાં વિઘ્નો ઊભાં થયાં. પ્રભુ ! શા માટે તેં આવું કર્યું ? એવો પ્રશ્ન સ્વાભાવિક ઊઠે છે. વળી, થાય છે કે વિઘ્નો કસોટીરૂપે આવે છે એમ માની લો.

વિઘ્નોની વચ્ચે પણ મન સ્થિર જ રહ્યું. પ્રભુની છત્રછાયામાં સલામત છીએ એવી શ્રદ્ધા ટકી રહી. પ્રભુ ! એ તારી પરમકૃપા.

ભવિષ્યમાં પણ એવાં વિઘ્નોનાં વાદળાંઓ જીવનને ઘેરી વળે ત્યારે પણ અંતરમાં શ્રદ્ધાને સ્થિર રાખજે. કોઈપણ પ્રકારના સંકટથી અમે ભાંગી ન પડીએ અને તારી કૃપાથી પ્રભુપંથના પૂર્ણપ્રકાશને પામી શકીએ એવા સતત આશીર્વાદ વરસાવ્યા કરજે. એવી કૃપાની માંગણી આ પદમાં થઈ છે.

* * *

# ૪૦. કૃષ્ણને

કસોટી કરે કૃષ્ણ ! કયાં સુધી મારી ?
બાજી સુધારી લાજ રાખજે તારી.

મુસીબતોના પહાડો હઠાવી લેને,
પીડાના પાવકને શમાવી દેને.

મન મૂંઝાય તને ગમે શું એવું ?
આનંદ મંગલ થાયે, કરી દે તેવું.

સર્વસમર્થ ! તારું ધાર્યું કરી દે,
કિરણો કૃપાનાં મારે મારગ ભરી દે.

મારગડે મૂકી મુજને સંતાયો શાથી ?
લેને બનાવી શીઘ્ર જીવનસાથી.

રાહ જોઉં છું લઈ પ્રેમની થાળી;
પૂજા સ્વીકારી લેને આટલી ન્યારી.

* * *

## ૪૦. રચના સમયના મનોભાવો


જીવનમાં ચારેકોર અંધકાર છવાયો હોય, શું કરવું તેની સમજ ના પડે, ત્યારે પણ ભક્ત તો ભગવાનની જ સહાય માંગે છે.

સર્વસમર્થની સહાય જ ઉપયોગી થાય છે એમ માનીને ભક્ત પ્રભુને કહે છે. હે પ્રભુ ! યોજનાની આખીયે બાજી ઊલટી થઈ ગઈ છે ત્યારે તેને સુધારીને તમારા નામને છાજે એવી રીતે કાર્ય કરજો.

માર્ગમાં આવતી મુસીબતોને દૂર કરીને જીવનને નિશ્ચિંત અને આનંદમય કરી દો.

કૃપાનાં કિરણો રેલાવીને મને તમારી જીવનસંગિની બનાવી લો. જીવનભર પૂજાની થાળી સાથે હું તમારી પ્રતીક્ષા કરી રહી છું. મને સંપૂર્ણપણે સ્વીકારી લો.

* * *



## ૪૧. મારી સાથ સદાયે રહેજો

મારી સાથ સદાયે રહેજો રે, નંદદુલારા !

દુનિયાની મૂકી માયા, મેં શોધી તમારી છાયા,
તમને જ સમર્પી કાયા રે, નંદદુલારા ! ... મારી.

તમે કરી કસોટી ભારી, સ્વીકારી અરજી મારી,
અંતે લીધી મને તારી રે, નંદદુલારા ! ... મારી.

મને મૂકી ક્યાંય ન જાશો, નિત પ્રેમપિયાલા પાજો,
જન્માંતર સાથી થાજો રે, નંદદુલારા ! ... મારી.

વર્ષા કરુણાની કરજો, આનંદ અલૌકિક ધરજો,
સંતાપ બધાયે હરજો રે, નંદદુલારા ! ... મારી.

* * *


## ૪૧. રચના સમયના મનોભાવો

એકવાર પ્રભુદર્શન થઈ જાય, પછી ભક્ત ભગવાનથી જુદો પડવા ઈચ્છતો નથી. સદાકાળ ભગવાન પોતાની પાસે જ રહે એવું ભક્ત માંગે છે. ભગવાન ક્ષણને માટે પણ પોતાને ના છોડે એવું ભક્ત ઈચ્છે છે.

કસોટી કરી કરીને ભક્તને ભગવાને અપનાવ્યો છે, ત્યારે સતત કરુણાની વર્ષા કરીને તે જન્મજન્માંતરનો સાથી બની રહે તેવી ભક્ત પ્રાર્થના કરે છે.

સ્વજનોની દુન્યવી છત્રછાયાને છોડીને ભક્ત ભગવાનના જ સહારે દોડી જાય છે, પોતાનું તનમનધન સમર્પિત કરી દે છે, ત્યારે પ્રભુકૃપા આવી મળે છે.

એવા દિવ્યદર્શન પછી, પ્રભુને વિનંતી કરતાં આ પદ લખાયું છે. સદાકાળનો સથવારો મળી રહે એવી એમાં આકાંક્ષા છે.



* * *

## ૪૨. મારી માત

યોગેશ્વર હે મારી માત ! તુજને વંદુ વારંવાર,

તીર્થશ્રેષ્ઠ જનની હે મારી, ગુરુદેવરૂપે છે પધારી;
દૈવી દેવદુલારી માત ... તુજને વંદું.

સર્વોત્તમ સંસ્કારો ધરતી, જીવનવનને ઉપવન કરતી,
ઉતારે કરુણાથી ભવ પાર ... તુજને વંદું.

જપતપ પ્રેમે પૂર્ણ કરાવે, વ્હાલ તણી વર્ષા વરસાવે,
પૂરણ પવિત્ર પ્રેમલ માત ... તુજને વંદું.

નિરાશા મહીં આશા ભરતી, સુખદુઃખમાં સંગાથે ફરતી,
ધરતી વડલા જેવી છાંય ... તુજને વંદું.

વાણીમાં શ્રી શારદા રમતી, લક્ષ્મી એને ચરણે વસતી,
સિદ્ધિ મુક્તિ તું સાક્ષાત્ ... તુજને વંદું.

સ્વર્ગસુખ મળ્યું તારા ચરણે, પરમશાંતિ છે તારા શરણે,
આનંદ મંગલ મંદિર-દ્વાર ... તુજને વંદું.

* * *

## ૪૨. રચના સમયના મનોભાવો

સાધક પોતાના સદગુરુમાં પવિત્ર માતાના સ્વરૂપની પણ ઝાંખી કરતો હોય છે. સદગુરુનો સમગ્ર જીવનવ્યવહાર એક માતા તરીકેનો જ અનુભવવા મળ્યો ત્યારે આ પદ લખાયું.

સર્વ તીર્થોમાં ભટકવાની હવે જરૂર ના રહી. સદગુરુરૂપી નવજીવનની માતા મળી, તો તેના સ્વરૂપમાં જ સર્વ તીર્થો સમાઈ ગયેલાં જોવા મળ્યાં. પોતે માળી બનીને જીવનના ઉજ્જડ જંગલને ઉપવન બનાવનારી હે ગુરુમાવડી ! તને વારંવાર વંદન હો.

મંત્રજપની સાધનામાં શિથિલતા આવે તો પ્રેમથી ટકોર કરીને, હે મા ! તું મને આગળ વધારે છે. જીવનની નિરાશાની દુઃખદ પળોમાં પણ જ્ઞાનના વડલાની છાયા ધરીને મારી સાથે જ રહેતી, હે સદગુરુ માવડી ! તારા એ પરમ પવિત્ર સ્વરૂપને પ્રેમમય પ્રણામ.

સાધકને માટે તો સદગુરુ માવડી સાક્ષાત્ સરસ્વતીદેવી છે, જે અજ્ઞાનના આવરણને હઠાવી દે છે. તે સાક્ષાત્ લક્ષ્મી છે, જેનો આશ્રય લેનાર સર્વ પ્રકારની સિદ્ધિથી સંપન્ન બની જાય છે. એવી સદગુરુ માવડીનાં શ્રી ચરણે શું શું અનુભવ્યું તેનું વર્ણન આ પદના અંતિમ વિભાગમાં થયું છે.

પ્રભુનાં અલૌકિક દિવ્યદર્શન પછી જે સ્વર્ગસુખ ભક્ત પોતાના જીવનમાં અનુભવે છે એ જ સ્વર્ગસુખ સાંપડી ગયું. પરમ શાંતિનો પવિત્ર સ્પર્શ પણ અનુભવ્યો. પરિણામે, આજે જીવનમાં સર્વકાળે આનંદમંગલની સતત અનૂભૂતિ અનુભવી શકાય છે. સદગુરુના મા સ્વરૂપનાં આ રીતે દર્શન કરવાનું સદભાગ્ય મળ્યું.

* * *

# ૪૩. ચિંતા નથી

ગુરુદેવના શ્રીચરણમાં,
કોઈ હવે ચિંતા નથી, કોઈ હવે ભીતિ નથી ... ગુરુદેવના.

વડલા તણી છાયા મળી, એમાં શીતળતા ચંદ્રની;
મીઠી પરબ સત્સંગની, જીવનસફરમાં એ મળી ... ગુરુદેવના.

મમતાળુ માવલડી મળી, છેવટ સ્વીકારી સ્નેહથી;
શાંતિ પરમ સંતોષથી, નિશ્ચિંત કીધી જિન્દગી ... ગુરુદેવના.

ગુરુસ્મરણની મસ્તીમહીં, સૃષ્ટિ સનાતન સ્વર્ગની;
વૃષ્ટિ થતી ઉલ્લાસની, હોળી થઈ સંતાપની ... ગુરુદેવના.

પુણ્યોદયે પૂરવ તણા, સત્સંગનો લ્હાવો મળ્યો;
સુખ સાંપડ્યું, શાંતિ મળી, મુક્તિતણી ચિંતા ટળી ... ગુરુદેવના.

* * *

## ૪૩. રચના સમયના મનોભાવો

પૂર્વના પુણ્યો, પ્રભુની કૃપા ને જીવના પ્રબળ પુરુષાર્થના સુપરિણામ સ્વરૂપે કોઈ પ્રભુદર્શી સદગુરુ મળી જાય, તો પછી સદગુરુનાં શ્રીચરણે જીવને સંપૂર્ણ નિશ્ચિંતતાનો અનુભવ સહજ રીતે જ થાય છે.

મને પણ પરમ પ્રભુકૃપાએ બ્રહ્મદર્શી સંતપુરુષ સદગુરુરૂપે પૂજ્ય શ્રી યોગેશ્વરજી મળી ગયા, ત્યારે એમના સથવારે મને પણ નિશ્ચિંતતાનો અનુભવ થયો, જે આ પદમાં વ્યક્ત થયો છે.

જીવનની સફરમાં ગુરુ જ્ઞાનરૂપી વડલાની છાયા છે, શાંતિરૂપી શીતળ ચંદ્ર છે, સત્સંગરૂપી પરબ છે. ગુરુનું સ્મરણ જ પ્રભુદર્શન કરાવનારું બની ગયું. સર્વ સંતાપોની હોળી થઈ ગઈ. ઉલ્લાસ-આનંદની સૃષ્ટિનું સર્જન થઈ ગયું.

હવે શાની ચિંતા? મુક્તિ મળી ગઈ. સુખ સાંપડ્યું. પરમ શાંતિ છવાઈ ગઈ. હવે તો સંપૂર્ણ નિશ્ચિંતતા અનુભવવા મળે છે. કોઈ નાની-મોટી ચિંતા કે ડર સતાવતા નથી.

આ પદ ગુરુજીનાં શ્રીચરણે થયેલા અનુભવનું કથન કરે છે.

* * *

# ૪૪. સાથે રાખો

મને સાથે રાખો (૨)
શ્યામસુંદર ભગવાન ! સદા મને શાંતિ આપો.

પ્રભુદ્વારે સદાકાળ પહેરો ભરું,
નિત્ય સેવક બનીને સેવા કરું,
દિવ્યદર્શન પામી ધન્ય બનું ... મને સાથે રાખો.

પ્રેમપૂજાનું પાવન પુષ્પ બનું,
પ્રભુચરણોની નિર્મલ ધૂલિ બનું,
મારા દેવોના દેવ એક તમને ગણું ... મને સાથે રાખો.

મને પળ પણ છૂટી કરશો નહીં,
સરિતાને સમાવજો સાગર મહીં,
એવી અંતરતમથી અરજી કરું ... મને સાથે રાખો.

* * *

## ૪૪. રચના સમયના મનોભાવો

આ પદમાં શ્યામસુંદર ભગવાનને વિનવણી થઈ છે. ભગવાન શ્રીકૃષ્ણની સાથે જ રહેવાના સદભાગ્યને સાધક ઝંખે છે.

પ્રભુના મહાદરબારે તો ઘણા સેવકો હશે, પરંતુ મને પણ સેવક બનીને પ્રભુદ્વારે બેસવાનું સદભાગ્ય મળે તો નિત્ય નિરંતર ભગવાનનાં દિવ્યદર્શન તો થાય. એવી ભાવના સાથે પ્રભુના દ્વારપાળ બનવાની ઈચ્છા વ્યક્ત થઈ છે.

પ્રભુના મસ્તકે પૂજાનું પુષ્પ બનીને ચઢું, વળી પ્રભુનાં શ્રીચરણે ધન્ય બનતી ધુળની રજકણ બનવાનું ભાગ્ય પણ આ જીવનમાં મળે તો, પણ ધન્ય બની શકું.

એ રીતે નિત્ય નિરંતર પ્રભુનાં દર્શન, પ્રભુનો પાવન સ્પર્શ, ને પ્રભુનો નિત્યનો સથવારો મેળવવાની ઝંખના આ પદમાં રજૂ થઈ છે.

દરરોજની પ્રાર્થનામાં પણ આ પદ મને ઉપયોગી થયું હતું.

* * *

# ૪૫. કૃપાની વર્ષા

કૃપાની વર્ષા કરજો રે, શ્રી ગુરુદેવા!

મેં પવિત્ર કરવા કાયા,
સ્વજનોની છોડી માયા;
વડલાની શોધી છાયા રે ... શ્રી ગુરુદેવા!

તમે માત તાત છો મારા,
વળી પ્રગટ પ્રભુ છો પ્યારા;
મારા સખા બનીને બેઠા રે ... શ્રી ગુરુદેવા!

વૈરાગ્યભક્તિ ના મુજમાં,
શ્રદ્ધા કેવળ છે ઉરમાં;
સ્થાપી છે મૂર્તિ મનમાં રે ... શ્રી ગુરુદેવા!

દિલડું નિશદિન આ ઝંખે,
વિરહે વ્યાકુળ થઈ ડંખે;
મને ધન્ય કરોને સંગે રે ... શ્રી ગુરુદેવા!

આ પવિત્ર જીવનક્યારી,
જોજો ના કરમાયે મારી;
એને સદા રાખજો ન્યારી રે ... શ્રીગુરુદેવા.

* * *

## ૪૫. રચના સમયના મનોભાવો

શાળાનાં બંધનોને ફગાવીને જ્યારે પ્રભુપંથે વળવાનું બન્યું, ત્યારે મારા જીવનના આધાર ગુરુદેવનાં શ્રીચરણે આ પ્રાર્થના થઈ.

સંસારના સૌ સ્વજનોને છોડીને કાયાનું કલ્યાણ કરવા ગુરુરૂપી વડલા નીચે આશ્રય લેવાનું નક્કી કર્યું, ત્યારે ગુરુની કૃપાવર્ષાની અપેક્ષા સ્વાભાવિક જ રહી.

સંસારના સર્વ મમત્વનાં મૂળને ગુરુનાં શ્રીચરણે વાળ્યાં, તો હવે તેઓ રક્ષા કરીને કૃપાપાત્ર બનાવશે એવી શ્રદ્ધા જાગી. શ્રીગુરુને સમર્પિત થવાની કોઈ યોગ્યતા નથી. નથી વૈરાગ્ય કે નથી ભક્તિનું બળ. ફક્ત શ્રદ્ધાની મૂડી સાથે ગુરુભક્તિના પવિત્ર પથ પર પગલાં ભરવાના પ્રયત્નો શરૂ થયા.

શ્રીગુરુની સતત છત્રછાયા મળે એવી પણ ઈચ્છા જાગી, ત્યારે હૈયું વિરહની વેદના અનુભવવા લાગ્યું. ગુરુના સહવાસની ધન્ય ક્ષણ ક્યારે આવે તેની રાહ જોવા લાગ્યું.

જીવનની પવિત્ર ક્યારીમાં ગુરુદેવ કૃપાના અમીછાંટણાં છાંટ્યા કરે એવી પણ પ્રાર્થના થઈ. શ્રીગુરુ જ માત, તાત, સખા ને પ્રત્યક્ષ પ્રભુ છે, એવો ભાવ મન-અંતરમાં જાગી ગયો.

* * *

## ૪૬. શાંતિ મળી

ગુરુજીના શરણમાં શાંતિ મળી.

ગુરુના ચરણે ગંગાયમુના; (૨)
સ્નાન કરીને ભ્રાન્તિ ટળી ... ગુરુજીના.

ગુરુના ચરણે અડસઠ તીરથ; (૨)
દર્શનથી કૃતકૃત્ય બની ... ગુરુજીના.

ગુરુના ચરણે સઘળાં શાસ્ત્રો; (૨)
વેદપુરાણની ઝાંખી મળી ... ગુરુજીના.

ગુરુમાં બ્રહ્મા, ગુરુમાં વિષ્ણુ; (૨)
શિવ અને શક્તિ સ્વરૂપ મહીં ... ગુરુજીના.

ગુરુકૃપાની અમૃતધારા; (૨)
પામીને જીવનમુક્તિ મળી ... ગુરુજીના.

* * *

## ૪૬. રચના સમયના મનોભાવો

સાચા સદગુરુનાં શ્રીચરણે વિશ્વનું સમસ્ત ઐશ્વર્ય મળી જાય છે. પૂર્ણ શ્રદ્ધાભક્તિથી શરણ લેનારા શિષ્યને શ્રીગુરુનાં શ્રીચરણે જ પરમશાંતિ મળી જાય છે. પછી બીજા કોઈનોય આશ્રય લેવાની જરૂર જ ક્યાં છે ? અરે, ગંગાસ્નાન માટે તીર્થોમાં પણ જવાની જરૂર નથી રહેતી. ગુરુની જ્ઞાનગંગામાં સ્નાન કરીને સાધક મનની બધી જ શંકાઓ, ભ્રમણાઓને દૂર કરી શકે છે.

સર્વે તીર્થદર્શન શ્રીગુરુના દર્શનમાં જ સમાઈ જાય છે. વેદપુરાણ, ઉપનિષદો પણ વાંચવાની જરૂર રહેતી નથી. સર્વ શાસ્ત્રોનો સાર સદગુરુના ઉપદેશમાં મળી જાય છે. સાચા સદગુરુનું જીવન જ સાચું શાસ્ત્ર છે.

સર્વ દેવોનું દર્શન પણ ગુરુદર્શનમાં થઈ જાય છે. સાધકને માટે સદગુરુ તો સદવિચારોના સર્જક બ્રહ્મા જ છે. સાધકના મન-અંતરમાં જાગેલા સદવિચારોનું પોષણ સદગુરુ વિષ્ણુ બનીને કરે છે. સદગુરુ શિવ બનીને કુવિચારોની ગંદકી દૂર કરીને પરમ મંગલમય સૃષ્ટિનું સર્જન કરે છે. બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ સ્વયં સદગુરુ જ છે. પરમજ્ઞાની, આત્મસાક્ષાત્કારી સદગુરુની કૃપાવર્ષામાં સ્નાન કરીને સાધક જીવનમુક્ત બની જાય છે. શ્રી ગુરુનાં શ્રીચરણે શું જોવા મળ્યું તેનું વર્ણન આ પદમાં થયું છે.

* * *

# ૪૭. સાથ ધર્યો

મને સાથ ધર્યો, મારો થાક હર્યો,
મારા જીવનમાં આનંદ ભર્યો.

તપવેદનથી ભરી વાટ મહીં,
મન શાંતિ રહ્યું ન જરાયે લહી;
પ્રતિકૂળ પ્રસંગને પાર કરી,
કરી સેવા તો સહેજે સિદ્ધિ મળી ... મને.

ગતિ થાત શું મારી, જાણું નહીં,
પણ અરજી પ્રભુએ ઉરમાં ધરી;
મારા પ્રેમની પ્યાલી પૂર્ણ ભરી,
અનુગ્રહની ધાર અનંત વહી ... મને.

ઓથ મળી નટવર નાગરની,
હવે ફિકર નથી ભવસાગરની;
હું તો મસ્ત બનીને મ્હાલી રહી,
મળવાનું ગયું મને સર્વ મળી ... મને.

* * *

## ૪૭. રચના સમયના મનોભાવો

જીવનના કપરા ચઢાણમાં પ્રભુનો સાથ મળે તો ? જીવન જીવવા જેવું લાગે. થાકમાંથી નિવૃત્ત થઈને જીવન સુંદર વિશ્રામસ્થાન બની જાય.

શરૂઆતમાં તો પ્રતિકૂળતા આવે જ, પરન્તુ એમાંથી પણ પ્રભુ પાર ઉતારે છે એ અનુભવે જીવનમાં સર્વકાળે આનંદ જ રહે છે.

સંસારમાં કોઈ વ્યક્તિવિશેષની, સ્વજનોની કે માબાપની ઓથ મળે છે, પણ તેવી ઓથ ભવસાગરને પાર કરવામાં એટલી બધી મદદરૂપ થતી નથી. પ્રભુની ઓથ નિશ્ચિંત બનાવીને ભવસાગર પણ પાર કરાવે છે.

તપ અને વેદનાભરી જીવનવાટે ભાવિ શું હતું તે બાબતથી તો અજાણ હતી, પણ પુણ્યોદય થતાં સમયસર પ્રભુએ અનુગ્રહની વર્ષા વરસાવી અને જે મેળવવાનું હતું તે સર્વ મેળવી આપ્યું. એથી જીવન આનંદિત બનીને આ રીતે ગાઈ ઊઠ્યું.

* * *

# ૪૮. સંતસ્વરૂપે રે પ્રભુ

સંત-સ્વરૂપે રે પ્રભુ પોતે આવિયા રે લોલ,
પાર ઉતારી રે તૂટી-ફૂટી હોડલી રે લોલ.

ડગમગતી નાવડીનું સુકાન લીધું સ્નેહથી રે લોલ;
કામ ને ક્રોધનાં વ્હેણ વ્હાલ ધરી વાળિયાં રે લોલ ... સંતસ્વરૂપે.

પ્રતિકૂળ પવન પ્રચંડ વ્હાલે વશ કરી દીધા રે લોલ;
સ્થિર કરી જીવનની નાવ ભવદુઃખ ભાંગિયા રે લોલ .. સંતસ્વરૂપે.

સંતકૃપાની રે વરસી રહી વાદળી રે લોલ;
હોડલી હંકારી રે અલખના દેશમાં રે લોલ ... સંતસ્વરૂપે.

* * *

## ૪૮. રચના સમયના મનોભાવો

પ્રભુ માનવરૂપ ધરીને કદી પધારે ખરો? પ્રત્યુત્તરમાં એટલું તો કહી જ શકાય કે, સાધકની શ્રદ્ધાભક્તિ સાચી હોય તો એને મળેલા સંતપુરુષના શરીરમાં જ દિવ્યસ્વરૂપે પ્રભુદર્શન થઈ શકે છે.

જીવનમાં સાચા સંતનો પ્રવેશ અવનવી સૃષ્ટિનું સર્જન કરે છે. શ્રેય અને પ્રેયની વચ્ચે ઝોલાં ખાતા જીવનને સંત જ કૃપા કરીને સ્થિર બનાવે છે. સાધકની સર્વ અશુદ્ધિઓને સંતપુરુષ સ્નેહથી સ્વચ્છ કરે છે. પ્રતિકૂળ પરિસ્થિતિની વચ્ચે પણ સંતપુરુષ સર્વપ્રકારે અનુકૂળતા ધરી શકે છે. અંતે જન્મમરણના ફેરામાંથી પણ શરણાગત સાધકને સંત પોતાની વિશેષ શક્તિથી મુક્ત કરી દે છે.

સંતો કેવી અનંત કરુણા કરે છે, કૃપાવર્ષા કરે છે! કૃપાપાત્ર બનેલી જીવનનાવને આત્માના અલૌકિક, અવર્ણનીય પ્રદેશમાં, સંત જ પહોંચાડી દે છે.

આ પદમાં સાચા સંતનું જીવનકાર્ય વર્ણવાયું છે. સંતના એવા અદભુત કાર્યથી સાધક સંતને પ્રત્યક્ષ પ્રભુ જ માને એમાં શું આશ્ચર્ય? સાધકના જીવનનો પ્રત્યક્ષ અનુભવ આ રીતે શબ્દોમાં ઊતરી આવ્યો.

* * *

# ૪૯. જય જય યોગેશ્વર ગુરુદેવ

જય જય યોગેશ્વર ગુરુદેવ,
જય જય મહાદેવ ગુરુદેવ,
શ્રદ્ધાભક્તિ ભરી દો પ્રેમે,
જીવન-પંથે આજે ... જય જય.

પાપ-ત્રિતાપથી રક્ષા કરવી,
શરણાગતની છાજે;
કૃપા કરીને દર્શન આપો,
ભવજળ તરવા કાજે ... જય જય.

દર્શન આપીને અપનાવો,
સુંદર મિષ્ટ અવાજે;
મહોત્સવ કરે મન-મંદિરિયું,
દૈવી ઝાંઝ-પખાજે ... જય જય.

* * *

## ૪૯. રચના સમયના મનોભાવો

સાધકના જીવનમાં સાચા સદગુરુનો સદાકાળ જયજયકાર હો.

સાધકના જીવનની રક્ષા માટે પણ સદગુરુની ઈચ્છાનો જયજયકાર હો.

સદગુરુનાં શ્રી ચરણે સાધક પ્રાર્થે છેઃ શરણાગતની રક્ષા, દિવ્યદર્શન અને શ્રદ્ધાભક્તિની વૃદ્ધિ.

સાધકની સર્વ પ્રાર્થના પૂર્ણ બનતાં મનમંદિર મહોત્સવ કરશે જ એવી શ્રદ્ધા ભાવના વ્યક્ત થાય છે.

વિવિધ ધૂનો સાંભળી ત્યારે ગુરુદેવની એક ધૂન આ રીતે લખાઈ ગઈ.


* * *



## ૫૦. ભજ મન

ભજ મન શ્રી ગુરુદેવ,
યોગેશ્વર સુખધામ.
યોગેશ્વર ગુરુદેવા, યોગેશ્વર ગુરુદેવા ... ભજ મન.

તારણહારા આપ છો મારા,
તપથી શીઘ્ર પ્રસન્ન થનારા,
મનહર મંગળ કામ, યોગેશ્વર સુખધામ ... ભજ મન.



સ્વયં જ્યોતિરૂપ શાંતિદાતા,
પ્રકટ પુરુષ છો વિશ્વવિધાતા,
પરદુઃખભંજક શ્યામ, યોગેશ્વર સુખધામ ... ભજ મન.

* * *

## ૫૦. રચના સમયના મનોભાવો

ભક્તને માટે ભગવાન જ સર્વ કાંઈ છે; અને ગુરુભક્તિમાં શિષ્યને માટે ગુરુ જ તારણહાર મનાય છે.

આ પૃથ્વી ઉપર સદગુરુ પ્રત્યક્ષ પ્રભુના સ્વરૂપમાં આવે ત્યારે તેઓ જ સુખ અને શાંતિનું ધામ બની જાય છે. શિષ્યની સાચી તપશ્ચર્યાથી જ તેવા સદગુરુ પ્રસન્ન થાય છે. દુન્યવી પદાર્થોથી તો શિષ્ય સદગુરુને પ્રસન્ન નથી જ કરી શકતો.

તનમનથી જો સદગુરુને શરણે જવામાં આવે તો જીવનનું ધ્યેય સંપૂર્ણપણે પામી શકાશે. મંગલમય જીવનનું પ્રભાત સદગુરુનાં શ્રીચરણે અનુભવવા મળશે.

આ પદ પણ નાનકડી ધૂન જેવું જ છે.

* * *



# ૫૧. શ્રી યોગેશ્વર સ્તુતિ

શ્રી યોગેશ્વર, જય ગુરુદેવ ! સુરવર કરે તમારી સેવ;
નાનામોટા કરે પ્રણામ, મનોરથ બને સફળ તમામ.
સાક્ષર તેમ નિરક્ષર સર્વ મનાવતા દર્શનથી પર્વ;
જન્મયા પાવન ગુર્જર દેશ, તપ્યા હિમાલય દિવ્ય પ્રદેશ.

ઋષિકેશ ને દેવપ્રયાગ વસ્યા લઈ પ્રભુનો અનુરાગ;
દર્શન દશરથ પર પામ્યા, સંકટ સઘળાંયે વામ્યાં.
કરી કુટિરમાં તપસ્યા ઘોર, અનશન વ્રત ધારીને ઓર;
વર્ષો સુધી રાખતાં મૌન, બીજાં કાર્યો ગણતા ગૌણ.

પામ્યા જગદંબા દર્શન, સમાધિમાં પ્રભુનું સ્પર્શન;
પામ્યા અદભુત અનુભવ અન્ય, કર્યું એમ જીવનને ધન્ય.
સિદ્ધો કેરી કૃપા મળી, સિદ્ધિઓ સંપૂર્ણ વરી;
તો પણ સરળ સ્વભાવ સદા, આસક્ત નહીં થયા કદા.

માતાજીને રાખ્યાં પાસ, એકાંત મહીં કરતા વાસ;
દર્શાવ્યો સેવાનો રાહ, છોડી લૌકિક સઘળી ચાહ.
યાત્રાઓ અણમોલ કરી માતાજીને શાંતિ ધરી;
પ્રભુરૂપ બનીને વિહર્યા, પ્રકાશને દેતા વિચર્યા.

મર્મ શાસ્ત્રના દિવ્ય ગ્રહ્યા, જિજ્ઞાસુને સમસ્ત કહ્યા;
પ્રવચન લેખનથી અણમોલ સેવા કરી કહે તે કોણ ?

પરદેશ મહીં ધર્મપ્રચાર કર્યો જઈને વારંવાર;
ધન-ધરા-રમા-મુક્ત રહ્યા, આદર્શ પરમ દિવ્ય ગ્રહ્યા.

રાય તથા રંક તણા ભેદ તમને અડતા ના લવલેશ;
જ્ઞાનમૂર્તિ સંપૂર્ણ તમે, વેદ બધા સપ્રેમ નમે.
પ્રેમ તણા છો પ્રગટ સ્વરૂપ, અવર્ણનીય અનાદિ અનુપ;
કરુણાસાગર શોભાધામ, સંયમશીલ મૂર્તિ કૃતકામ.

અભયંકર હે અભય-સ્વરૂપ, શાંતિતણા સાગર રસરૂપ;
દૈવી સંપત્તિના સ્વામી, નિર્ગુણ નાગર નિષ્કામી.
રિદ્ધિ-સિદ્ધિના દાતા, ગુણ પ્રભુના નિશદિન ગાતા;
નિર્મળતા ટપકે નયને, તેજસ્વી ભરતાં પ્રેમે.

મુખમંડળ પર મધુર પ્રસાદ, દૂર કરે સઘળોય વિષાદ;
કાંતિ ભરેલી છે કાયા, શાંતિ તણી જાણે છાયા.
તપથી તપ્ત થયાં અંગાંગ, રસમાં સ્નાન કરે સર્વાંગ;
શ્વેતવસ્ત્ર ને ઋષિનો વેશ, અહંકાર તો ના લવલેશ.

જોતાવેંત જ આદર થાય, પ્રેમ પ્રગટતાં સંશય જાય;
મધુર ચલન ને મધુર વચન, મધુર દૃષ્ટિ ને મધુર વદન.
મધુમય ભાવવિચાર તથા, સમાવતા સર્વત્ર વ્યથા;
વસંત ઋતુની જેમ ફરે, મંગલ સૌનું સદા કરે.

નવજીવન દે, શાંતિ ધરે, ત્રિતાપને તત્કાળ હરે;
તારા તપે અનેક નભે, સૂર્યચંદ્ર પણ એક જ છે.

એવા એક તમે જગમાં, પડે સિદ્ધ-મુનિ-સુર પગમાં;
શરણ અમોને સદા ધરો, સકળ કામના પૂર્ણ કરો.

જ્ઞાન ધ્યાન ભક્તિ વૈરાગ્ય, આતમનો આપો અનુરાગ;
કરો પવિત્ર સદા અમને, પ્રાર્થીએ નિશદિન તમને.
ભૂલીએ નિજરૂપ નહીં, લિપ્ત બનીએ નહીં કહી;
નિર્મમ નિરાસક્ત સઘળે, તારો જીવન તેમ તરે.

ક્ષતિ અમારી ક્ષમા કરો, અલ્પ ગુણોને ઘણા ગણો;
સદા આપજો આશીર્વાદ, જગવી પરમાત્માનો નાદ.
જીવનમંગલ અમે કરી, ધ્યાનધારણા નિત્ય ધરી;
જીવનમુક્ત બનીએ સર્વ, માણીને જીવનનું પર્વ.

ફરી કરીએ આજ પ્રણામ, ભાવભક્તિથી અમે તમામ;
યોગેશ્વર પ્રભુ દીનદયાળ અનુગ્રહ વરસાવો તત્કાળ.
પાઠ કર્યાથી શાંતિ મળે, ચિંતા જડતા ભીતિ ટળે;
એકવાર વધુ વાર સપ્રેમ વહન થાય છે યોગક્ષેમ.

(દોહરો)

ચરણકમળમાં પ્રેમથી વારંવાર પ્રણામ,
રક્ષો ભવસાગર તણાં વિઘ્નો થકી તમામ.

* * *

## ૫૧. રચના સમયના મનોભાવો

બાવન લીટીઓનું પદ તે બાવની. ગુજરાતમાં દત્તબાવની પ્રચલિત છે, જેમાં દત્તાત્રેયના જીવનમાં કૃપાકાર્યોનું વર્ણન છે. અહીં પણ એ રીતનું પદ લખાયું, જેમાં અમારા સદગુરુ પૂજ્ય શ્રી યોગેશ્વરજીના જીવનની કથા વણી લેવાઈ છે.

પૂજ્ય શ્રી યોગેશ્વરજીની કઠિન સાધના, તેનાં પરિણામો, વળી તેઓશ્રીનો માતૃપ્રેમનો આદર્શ, જીવનકાર્ય, પહેરવેશ અને વિવિધ પ્રતિભાની એક ઝલક આ પદમાં વણાઈ ગઈ છે.

આ પદમાં સમર્થ સદગુરુને ચરણે થયેલી સાત્વિક પ્રાર્થનાઓ પણ જોવા મળશે. સાચો સાધક સમર્થ સદગુરુ પાસે શું માંગે ? ધન ? ના. એ તો જીવનમુક્ત દશા માંગે. વળી, પ્રભુપંથે નડતા વિક્ષેપોને દૂર કરીને પવિત્રતા, ભક્તિભાવ, જ્ઞાનવૈરાગ્ય માંગે, જેથી જીવનનું મંગલ થઈ શકે.

આ પદના પાઠથી કોઈ સાંસારિક ઈચ્છાઓ પૂર્ણ ના પણ થાય, છતાં શાંતિ તો મળે જ. સાધનક્ષેત્રે આવતી જડતા ઓછી થાય અને જીવનનું સાચું સંરક્ષણ સાંપડી શકે.

આ પદ ગુજરાતમાં વિવિધ સ્થળોએ ચાલતાં ધ્યાનકેન્દ્રોમાં ઘણીવાર ગવાય છે. એમાંથી સાધકો પ્રેરણા, શાંતિ તથા માર્ગદર્શન મેળવે છે.

* * *

**Maa Sarveshwari – An Introduction**



Spiritual heir of Shri Yogeshwarji, Maa Sarveshwari was born on November 13th 1943 in a small village, Kapura near Vyara in Southern Gujarat. Born to a rich yet religious farmer's family, she was youngest of six kids of Kalidas and Bhikhiben. After her school education, she moved to Surat for further studies. She graduated in Arts with flying colors and received 'Umashankar Joshi Gold Medal' for her outstanding achievement in Gujarati language. After completing her studies, she started as a teacher at Sadhana Vidya Bhavan, Surat where she later became Principal.

It was December of 1970, when she first met Shri Yogeshwarji. In no time, she recognized him as her spiritual master. Her pre-birth *samskaras* changed the course of her life and she began her journey on the divine path. Active and timely guidance from her Guru Yogeshwarji increased her enthusiasm manifold and she was encouraged to stay often at the *Maun Mandir* (Temple of silence).

With utmost passion and zeal, she devoted all her time after spiritual advancement. Her spontaneous conversation with the Divine took the form of melodious *Bhajans.* Later on, 'Arghya' marked the publication of her first collection of Bhajans followed by another entitled 'Anjali'.

During the South India tour with Shri Yogeshwarji, She was blessed by an extraordinary *diksha* (spiritual initiation) at Shrishailam. Thereafter, her spiritual progress became unhindered and her life became subtly changed and charged. In 1979, by the command of Mother Goddess, Yogeshwarji gave her a new name 'Maa Sarveshwari' and thereafter she became known by her present name.

November 9, 1979 marked the turning point in her life when Shri Yogeshwarji had a fatal heart attack and was admitted to hospital. Without any hesitation, she resigned from her post of Principal and forever decided to be at the service of her Guru. With her sincere service and prayers, Yogeshwarji recovered. Thereafter she stayed with Yogeshwarji. She accompanied him in India as well as abroad to USA, UK, Canada and South Africa on spiritual mission and actively contributed there with her performance of Yoga and her melodious bhajans.

On March 18th 1984, Yogeshwarji left his physical body but she steadfastly continued to worship him. Devotees looked at her as a spiritual heir of Yogeshwarji. She proved her mettle in an extraordinary way. She left taking food grain from that day yet took charge of all activities and began managing it in her own superb way.

She not only fulfilled the dream of her Guru, but exceeded everyone's aspiration by building a magnificent complex at Ambaji on the land selected by Shri Yogeshwarji. Today, Swargarohan is abuzz with manifold benevolent activities like medical camps, eye operations, food giving, cloth giving, etc under her active guidance and utmost involvement.

A living legend, Maa Sarveshwari is an idol of devotion and love. Her blessed vision is enough to fill one's mind with peace and divine joy.

* * *

For more information
On the life & works of
Maa Sarveshwari



Please visit
**www.swargarohan.org**